RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 279 Dt. 24-04-2025 Page : 08 Price : Rs 3

આપના મોબાઈલમાં
રાજકોટ મિરર
મેળવવા ઈચ્છો છો?
QR કોડ સ્કેન કરો અને જોડાવ
અમારા whatsapp ગ્રુપમાં

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# નાપાક પાકિસ્તાનની કમર તોડતું ભારત

## પાણી માટે પણ પાકિસ્તાન મારશે વલખા : ૧૯૬૦ની સિંધુ જળ સંધિ તાત્કાલિક અસરથી સ્થગિત




## પાકિસ્તાનીઓ દેશ છોડો : તમામના વિઝા રદ, ૪૮ કલાકનો આપવામાં આવ્યો સમય : ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ અટારી તાત્કાલિક અસરથી બંધ

નવીદિલ્હી, તા. ૨૩

વિદેશ મંત્રાલયે બુધવારે જણાવ્યું હતું કે સિંધુ જળ સંધિ સ્થગિત રહેશે અને અટારી ચેકપોસ્ટ હાલ પૂરતું બંધ રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં યોજાયેલી સીસીએસની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. ભારતે નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનમાં તૈનાત લશ્કરી સલાહકારોને પણ પર્સોના નોન ગ્રેટા જાહેર કર્યા અને તેમને અસરકારક રીતે દેશમાંથી હાંકી કાઢ્યા. સંબંધિત પગલામાં, ભારત સરકારે સાર્ક (સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશન) વિઝા મુક્તિ યોજના હેઠળ પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવેલા તમામ વિઝા પણ રદ કર્યા છે.મંગળવારે પહેલગામની બૈસરન ખીણમાં રેઝિસ્ટન્સ ફ્રન્ટ દ્વારા ૨૬ પ્રવાસીઓની હત્યા બાદ આ નિર્ણયો બંને દેશો વચ્ચે રાજદ્વારી પગલાંમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે.

વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે તાજેતરનો હુમલો જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણીના સફળ સંચાલનના પ્રતિભાવમાં હતો. તેમણે એ પણ પુષ્ટિ આપી કે પાકિસ્તાની નાગરિકોને હાલમાં ભારતમાં મુસાફરી કરવાની મંજૂરી નથી. મિસરીએ વધુમાં ભાર મૂક્યો કે હુમલાના ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે અને આ કૃત્યને પ્રાયોજિત કરનારાઓને જવાબદાર ઠેરવવામાં આવશે. મિસ્ત્રીએ જણાવ્યું હતું કે આ આતંકવાદી હુમલાની ગંભીરતાને સમજીને, સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ (CCS) એ નીચેના પગલાં લેવાનો નિર્ણય લીધો છે - ૧૯૬૦ ની સિંધુ જળ સંધિ તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવશે જ્યાં સુધી પાકિસ્તાન વિશ્વસનીય અને અફર રીતે સરહદ પાર આતંકવાદને ટેકો આપવાનું બંધ ન કરે. ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ અટારી તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવશે. જે લોકોએ માન્ય સમર્થન સાથે સરહદ પાર કરી છે તેઓ ૧ મે, ૨૦૨૫ પહેલા તે માર્ગે પાછા આવી શકે છે. પાકિસ્તાની નાગરિકોને સાર્ક વિઝા મુક્તિ યોજના હેઠળ ભારતની મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ભૂતકાળમાં પાકિસ્તાની નાગરિકોને જારી કરાયેલા કોઈપણ જીઉીજ વિઝા રદ ગણવામાં આવે છે. જીઉીજ વિઝા હેઠળ ભારતમાં હાજર કોઈપણ પાકિસ્તાની નાગરિક પાસે ભારત છોડવા માટે ૪૮ કલાકનો સમય છે. નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનના સંરક્ષણ, લશ્કરી, નૌકાદળ અને હવાઈ સલાહકારોને પર્સોના નોન ગ્રેટા જાહેર કરવામાં આવ્યા છે. તેની પાસે ભારત છોડવા માટે એક અઠવાડિયાનો સમય છે. ભારત ઈસ્લામાબાદ સ્થિત ભારતીય હાઈ કમિશનમાંથી તેના સંરક્ષણ, નૌકાદળ અને હવાઈ સલાહકારોને પાછા ખેંચશે. સંબંધિત હાઈ કમિશનમાં આ જગ્યાઓ નાબૂદ ગણવામાં આવશે.

### ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાઓ

૧) ૧૯૬૦ ની સિંધુ જળ સંધિ તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવશે જ્યાં સુધી પાકિસ્તાન વિશ્વસનીય અને અટલ રીતે સરહદ પાર આતંકવાદને ટેકો આપવાનું બંધ ન કરે.

૨) ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ અટારી તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવશે. જે લોકોએ માન્ય મંજૂરી સાથે સરહદ પાર કરી છે તેઓ ૧ મે, ૨૦૨૫ પહેલા તે માર્ગે પાછા આવી શકે છે.

૩) પાકિસ્તાની નાગરિકોને સાર્ક વિઝા મુક્તિ યોજના હેઠળ ભારતની મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ભૂતકાળમાં પાકિસ્તાની નાગરિકોને જારી કરાયેલા કોઈપણ જીઉીજ વિઝા રદ ગણવામાં આવે છે. જીઉીજ વિઝા હેઠળ ભારતમાં હાજર કોઈપણ પાકિસ્તાની નાગરિક પાસે ભારત છોડવા માટે ૪૮ કલાકનો સમય છે.

૪) નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનના સંરક્ષણ, લશ્કરી, નૌકાદળ અને હવાઈ સલાહકારોને પર્સોના નોન ગ્રેટા જાહેર કરવામાં આવ્યા છે. ભારત છોડવા અઠવાડિયાનો સમય છે.

૫) ભારત ઈસ્લામાબાદ સ્થિત ભારતીય હાઈ કમિશનમાંથી તેના સંરક્ષણ, નૌકાદળ અને હવાઈ સલાહકારોને પાછા ખેંચશે. સંબંધિત હાઈ કમિશનમાં આ જગ્યાઓ રદ કરવામાં આવી છે.

## કુલગામમાં આતંકીઓ સાથે સુરક્ષા દળોનું એન્કાઉન્ટર : બે ઠાર

### આતંકવાદીઓની હાજરીની માહિતી મળતા સુરક્ષા દળોએ કુલગામ જિલ્લાના તંગમાર્ગ વિસ્તારમાં ઘેરાબંધી અને શોધખોળ કરી શરૂ

નવીદિલ્હી, તા. ૨૩

શ્રીનગરના અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારે જમ્મુ અને કાશ્મીરના કુલગામ જિલ્લામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. આતંકવાદીઓની હાજરીની માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ કુલગામ જિલ્લાના તંગમાર્ગ વિસ્તારમાં ઘેરાબંધી અને શોધખોળ અભિયાન શરૂ કર્યું હતું. આતંકવાદીઓએ સુરક્ષા કર્મચારીઓ પર ગોળીબાર કર્યા બાદ એન્કાઉન્ટર શરૂ થયું. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગોળીબારમાં અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. તેમણે કહ્યું કે વિગતવાર માહિતીની રાહ જોવાઈ રહી છે. મંગળવારે પહેલગામમાં થયેલા ઘાતક આતંકવાદી હુમલા બાદ સુરક્ષા દળો હાઈ એલર્ટ પર છે. આ હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા, જેમાંથી મોટાભાગના પ્રવાસીઓ હતા.

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, સુરક્ષા દળો ખીણમાં સતત કાર્યવાહી કરી રહ્યા છે અને આતંકવાદીઓને પસંદગીના આધારે ધરપકડ કરી રહ્યા છે. અગાઉ દિવસે, સુરક્ષા દળોએ ભારતીય સરહદમાં ઘૂસણખોરીના આતંકવાદીઓના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. આ ઉપરાંત બારામુલામાં બે આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા. સુરક્ષા દળોએ કથિત આતંકવાદી રેકોર્ડ ધરાવતા ૧,૦૦૦ થી વધુ લોકોની અટકાયત કરી છે. બાંદીપોરામાં બે આતંકવાદીઓની પણ અટકાયત કરવામાં આવી છે.

ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસે હુમલાના ગુનેગારોને પકડવા માટે બૈસરન, પહેલગામ, અનંતનાગના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગોળીબારમાં અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. તેમણે કહ્યું કે વિગતવાર માહિતીની રાહ જોવાઈ રહી છે. ઝદ્યશ્ર આતંકવાદી જૂથે ૨૨ એપ્રિલના હુમલાની જવાબદારી સ્વીકારી છે. એજન્સીઓએ પાકિસ્તાનમાંથી 'ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ' શોધી કાઢ્યા છે, જે હુમલામાં પડોશી દેશની ભૂમિકાને ઉજાગર કરે છે.

### આજે સર્વપક્ષીય બેઠક

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ઘાતક આતંકવાદી હુમલા બાદ, કેન્દ્ર સરકાર ૨૪ એપ્રિલે સર્વપક્ષીય બેઠક બોલાવી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ આ બેઠકની અધ્યક્ષતા કરશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ (CCS) ની બેઠકની અધ્યક્ષતા કરી, જે બે કલાકથી વધુ સમય સુધી ચાલી. પહેલગામ આતંકવાદી હુમલાને પગલે, પીએમ મોદીએ સાઉદી અરેબિયાની બે દિવસીય મુલાકાત ટૂંકી કરી અને બુધવારે સવારે દિલ્હી પરત ફર્યા. ''પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના પગલે, ૭, લોક કલ્યાણ માર્ગ ખાતે ઈઈજ ની બેઠકની અધ્યક્ષતા કરી,'' પીએમ મોદીએ ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી એસ જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને અન્ય મુખ્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. મંગળવારે પહેલગામના બૈસરન મેદાન પર આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલો હુમલો ૨૦૧૯ના પુલવામા હુમલા પછી ખીણમાં થયેલા સૌથી ઘાતક હુમલાઓમાંનો એક છે, જેમાં ૪૦ ઈછ્રક્ર જવાનો શહીદ થયા હતા. અગાઉ દિવસે, રાજનાથ સિંહે પહેલગામમાં થયેલા તાજેતરના આતંકવાદી હુમલામાં નિર્દોષ લોકોના મોત પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો અને આતંકવાદી હુમલાના ગુનેગારોને સજા આપવા માટે સરકારના દૃઢ સંકલ્પની પ્રતિજ્ઞા લીધી હતી.

### પડદા પાછળના લોકોને શોધાશે : રાજનાથસિંહ

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે બુધવારે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં નિર્દોષ નાગરિકો પર ''કાયર આતંકવાદી હુમલા'' માટે જવાબદાર લોકોને ટૂંક સમયમાં ભારતીય ભૂમિ પર તેમના નાપાક કૃત્યો માટે ''યોગ્ય જવાબ'' મળશે, જે આ હત્યાકાંડ પર ભારતની સંભવિત પ્રતિક્રિયાનો પ્રથમ સ્પષ્ટ સંકેત છે. યોગ્ય જવાબ આપવાની પ્રતિજ્ઞા લેતા, સિંહે એમ પણ કહ્યું કે ભારત ફક્ત હુમલો કરનારાઓને જ નહીં, પરંતુ ભારતીય ભૂમિ પર આ ઘાતક કૃત્યને અંજામ આપવાનું કાવતરું ઘડનારા ''પડદા પાછળ'' રહેલા લોકોને પણ શોધી કાઢશે.

### પહલગામ હુમલાનો બદલો લેવાશે : મનોજ સિન્હા

જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ બુધવારે એક સુરક્ષા સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, 'પહલગામ હુમલાનો બદલો લેવામાં આવશે. પહલગામ આતંકવાદી હુમલા માટે જવાબદાર લોકોને ન્યાયના કઠેડામાં લાવવા માટે આવતીકાલે ઉચ્ચસ્તરીય બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ દ્વારા અપાયેલા નિર્દેશોનું ઝડપથી પાલન કરાવવામાં આવે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકાર આપણા નાગરિકોની હત્યાનો બદલો લેવા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે અને એ પણ નક્કી કરશે કે આતંકવાદની આવી કાયરતાપૂર્ણ હરકત ફરી ન થાય.'

### આતંકવાદીઓની માહિતી આપનારને મળશે ઈનામ

પહેલગામ આતંકવાદી હુમલા અંગે સમગ્ર દેશમાં જુવાર ફાટી નીકળ્યો છે ત્યારે જમ્મુ કાશ્મીર પોલીસ દ્વારા એક મહત્વની જાહેરાત કરવામાં આવી જેમાં જણાવવામાં આવ્યું છે કે જે પણ વ્યક્તિ આતંકવાદીઓ અંગે માહિતી આપશે તેઓને ઈનામ આપવામાં આવશે.

### સોશિયલ મિડીયાનો સારો ઉપયોગ કરતાં ન આવડે તો શાંતિથી બેસી રહેવાય, સળી સંચા ન કરાય

# ભાજપ નેતાએ ભડકાઉ પોસ્ટ મુકતાં દાખલ થઇ FIR

## ભાવનગર ભાજપના પુર્વ મહામંત્રી અને શાળા કોલેજના સંચાલકે મુકેલી બે પોસ્ટમાં મુસ્લિમ વિરોધી ભડકાઉ વિગતો હતોઃ ધર્મનું અપમાન, લાગણી દુભાવવા સહિતની કલમો હેઠળ કાર્યવાહીથી ચકચાર

રાજકોટઃ સોશિયલ મિડીયાનો સારો ઉપયોગ થાય એમ ખરાબ અને ખોટો ઉપયોગ કરનારા પણ અનેક લોકો હોય છે. રાજકોટમાં હાલમાં જ સાયબર ક્રાઈમ પોલીસ એવા સોશિયલ મિડીયા ઈન્ફ્લુએન્સરની શોધી શોધીને ગુના નોંધી રહી છે જે વેપાર-ધંધાના પ્રમોશન જાહેરાત કરી આપવાની સાથે સાથે ઓનલાઈન જૂગાર રમાડતી એપના પણ રૂપિયા લઈને પ્રમોશન કરી રહ્યા છે. અત્યાર સુધીમાં આવા નવને પકડી લઈ જૂગારધારાના ગુના નોંધાયા છે. બીજી તરફ એક ભાજપના નેતાને સોશિયલ મિડીયા માધ્યમનો દુરૂપયોગ કરવાનું મોંઘુ પડી ગયું છે. ભાવનગર શહેર ભાજપના પૂર્વ મહામંત્રી અને શાળા-કોલેજના સંચાલક એવા ભાજપના નેતાને ફેસબૂ પર મુસ્લિમ વિરોધી ભડકાઉ પોસ્ટ મુકવી ભારે પડી છે. બે અલગ-અલગ પોસ્ટમાં મુસ્લિમ સમાજની લાગણી દુભાય અને બે સમાજ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવું લખાણ લખતાં ભારે વિવાદ સર્જાયો હતો. આ મામલે ભાજપના નેતા વિરૂદ્ધ એફઆઈઆર દાખલ થઈ છે.

વિગતો પર નજર કરીએ તો ભાજપના આ નેતા સામે કાર્યવાહી કરવાની માંગણી સાથે અરજી સ્વીકારી પોલીસે આજે તેની વિરૂદ્ધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધતા ચકચાર મચી છે. બનાવને લઈ ભાજપ સહિત રાજકીય અને શૈક્ષણિક વર્તૂળોમાં ભારે ચર્ચા જાગી છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ શહેરના નવાપરા કેસરબાઈની મસ્જીદ પાછળ રહેતાં અને હજુરપાયગા રોડ પર પરમાર ઓટો નામથી ગેરેજ ચલાવતાં ફિરોજભાઈ મનસુખભાઈ પરમારે ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે તેઓ ગત તા. ૧૮ના રોજ મોબાઈલ જોતા




હતા ત્યારે તેમના ફેસબુકમાં શૈક્ષણિક સંસ્થાના ટ્રસ્ટી અમર આચાર્યએ ફેસબુકમાં પોતાની વૉલ પર હિન્દુઓ જાગો શિર્ષક તળે એક પોસ્ટ મુકી હતી. જેમાં તેના દ્વારા મુસ્લિમ સમાજ અંગે સરાજાહેર અભદ્ર ટિપ્પણી કરવામાં આવી હતી. તો તેણે કેન્દ્રીય ગૃહમંત્રીને ટાંકીને અન્ય એક પોસ્ટ પણ મુકી હતી.જેમાં મુસ્લિમ ધર્મનું અપમાન થાય તથા સમાજની લાગણી દુભાય તથા બે સમાજ વચ્ચે વૈમનસ્ય અને ધિક્કારની ભાવના પેદા થાય તેવું ભડકાઉ લખાણ લખ્યું હોવાનું ફરિયાદમાં ઉમેરી પૂરાવા રૂપે પોસ્ટનું લખાણ પણ આપ્યું હતું. ફરિયાદીએ ઉમેર્યું કે,અમર આચાર્યએ આ પોસ્ટ મુકી મુસ્લિમ સમાજના લોકોને ટાર્ગેટ કરતાં મુસ્લિમ સમાજની લાગણી દુભાઈ છે, સાથોસાથ બે ધર્મ વચ્ચે એકતા અને અખંડિતતાનું વાતાવરણ હડોળવાના પ્રયાસ સમી પોસ્ટ મુકી બન્ને ધર્મ વચ્ચે વૈયમન્સ્ય ફેલાય તેવું કૃત્ય આચરી,કાવતરૂં રચ્યું હોવાનું તેમણે ફરિયાદમાં ઉમેરતાં ઘોઘારોડ પોલીસે ઉક્ત શખ્સ વિરૂદ્ધ બીએનએસની કલમો હેઠળ એફઆઈઆર દાખલ થઈ છે.

ઉલ્લેખનિય છે કે આ મામલે અરજદારે ઓગણીસમીએ ઘોઘારોડ પોલીસને આધારો સાથે અરજી આપી પોસ્ટ મુકનાર સામે ગંભીર કલમો તળે ગુનો નોંધવા માંગ કરી હતી. ઘોઘારોડ પોલીસે મોડે-મોડે એકશનમાં આવી આખરે ગુનો નોંધ્યો છે. બીજી તરફ,જેની વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે તે અમર આચાર્ય શહેર ભાજપ સંગઠનમાં વર્ષ ૨૦૧૩થી ૨૦૧૬ની ટર્મ દરમિયાન મહામંત્રી રહી ચૂક્યા છે. ઉપરાંત, શહેરના સરદારનગરમાં આવેલી કે.આર.દોશી સ્કૂલ તથા ટીવી કેન્દ્ર પાસે આવેલી કે.આર.દોશી કૉલેજના ટ્રસ્ટી પણ હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત, તે યુનિ.ની આર્ટસ ફેકલ્ટીના સતત ત્રણ ટર્મ સુધી સેનેટ સભ્ય પણ રહી ચૂક્યા હોવાનું જાણવા મળેલ છે. શહેર ભાજપના પૂર્વ મહામંત્રી અમર આચાર્યએ ફેસબુકમાં મુસ્લિમ લોકોની લાણી દુભાય તેવી વિવાદિત પોસ્ટ મુકતા મામલો પ્રદેશ ભાજપ સુધી પહોંચ્યો છે. પોસ્ટમાં થયેલી અભદ્ર અને વિવાદિત પોસ્ટને લઈ એક તરફ સ્થાનિક રાજકારણ ગરમાયું છે તો બીજી તરફ, ભાજપના જ નેતા અને પૂર્વ મહામંત્રી સામે પોલીસ ફરિયાદ મામલે હજુસુધી શહેર ભાજપની કોઈ પ્રતિક્રિયા સામે આવી ન હતી. આ મામલે શહેર ભાજપ પ્રમુખ કુમાર શાહને પુછતાં તેમણે બનાવની નોંધી લીધી હોવાનું જણાવ્યું હતું અને આ મામલે ગુજરાત પ્રદેશ ભાજપને જાણ કરવામાં આવી હોવાનું ઉમેર્યું હતું. તેમણે આ મામલે પ્રદેશ ભાજપની જે સૂચના મળશે તે મુજબ જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમ અંતમાં ઉમેર્યું હતું. શહેર ભાજપના પૂર્વ મહામંત્રી, શાળા-કૉલેજના સંચાલક ટ્રસ્ટી તથા પૂર્વ સેનેટ સભ્ય અમર આચાર્ય સામે નોંધાયેલી ગંભીર કલમો સાથેની પોલીસ ફરિયાદને લઈ શહેર ભાજપ સંગઠનમાં રીતસર સન્નાટો -સરી ગયો છે. આ મામલે શહેર ભાજપમાં આંતરિક મોંઢા એટલી વાતો શરૂ થઈ છે પરંતુ, આ મામલે જાહેરમાં કોઈ બોલવા તૈયાર નથી. આ મામલે ન માત્ર રાજકારણ પરંતુ, શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચી છે. શહેર ભાજપના પૂર્વ મહામંત્રી અને ભાજપના નેતા અમર આચાર્યએ પોતાની ફેસબુક વૉલ પર ગત ગત સત્તરમીએ ભડકાઉ પોસ્ટ મુકી હતી. જેના પગલે ધીરે-ધીરે મામલે વિવાદ શરૂ થતાં તેણે આ પોસ્ટ અઢારમીના રોજ ડિલિટ કરી નાંખી હતી. દરમિયાનમાં ફરિયાદીએ તેના સ્ક્રીનશૉટ લઈ તેની વિરૂદ્ધ કાર્યવાહીની માંગ કરતાં ગુનો દાખલ કરી તપાસ શરૂ કરાઈ છે.

# એડવાન્સ વેરા પેટે મનપાને ૫૮ કરોડથી વધુની આવક

## ૭૫ હજારથી વધુ કરદાતાઓએ ઓનલાઈન મારફતે ૪૧ કરોડથી વધુનું ચૂકવણું કર્યું

રાજકોટ, તા. ૨૩

મહાનગરપાલિકાની જો કોઈ મુખ્ય આવક હોય તો તે કરની આવક છે કારણ કે સ્થાનિકો દ્વારા જે કરની ભરપાઈ કરવામાં આવી રહી છે તેનાથી મહાનગરપાલિકાની તિજોરી છલકાઈ છે મળતી માહિતી મુજબ ચાલુ નાણાકીય વર્ષમાં એડવાન્સ મિલકત વેરોબીલ તથા કહી શકાય કે પાણી દર પર વળતર યોજના નો લાભ લેવા લોકો આગળ આવી રહ્યા છે ત્યારે ગઈકાલે બપોર સુધીમાં કુલ ૧ લાખથી વધુ કરદાતાઓ



દ્વારા ૫૮ કરોડથી વધુનો ટેક્સ ભર્યો છે. આ યોજના હજુ પણ ચાલુ છે ત્યારે મહાનગરપાલિકાના સંબંધિત વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આ કામગીરી પાછળ મહત્વનો લક્ષ્ય અને હેતુ એ જ છે કે વધુને વધુ લોકો આ યોજનાનો લાભ લઈએ અને સરકારને તે આવકનો પણ ફાયદો મળી શકે.

ગત નાણાકીય વર્ષમાં વેરા વસુલાત વિભાગ દ્વારા કામગીરી તો ખુબ સરસ રીતે કરવામાં આવી હતી પરંતુ તેના માટે વિભાગે ઘણી ખરી મહેનતનો પણ સામનો કરવો પડ્યો હતો જેના પરિણામ સ્વરૂપે હાલ આ વર્ષે આ પ્રકારની કોઈ ઘટના ન ઘટે અને સરળતાથી જે આપવામાં આવેલો લક્ષ્યાંક છે તે સિદ્ધ કરી શકાય તે દિશામાં હાલ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ ૭૫ હજારથી વધુ કરદાતાઓએ ઓનલાઈન મારફતે ૪૧ કરોડથી વધુનું ચૂકવણું કર્યું હતું જ્યારે ૨૬,૦૦૦ થી વધુ કરતા હોય ૧૭ કરોડ રૂપિયા ચેક અને કેશ મારફતે વેરો ભર્યો હતો. તેવી જ રીતે મહાનગરપાલિકા દ્વારા આ તમામ કરદાતાઓને કુલ ૬.૮૪ કરોડનું ડિસ્કાઉન્ટ પણ આપવામાં આવ્યું હતું. હાલ ઉનાળાની ઋતુ ચાલી રહી છે ત્યારે ઝોન ઓફિસ, સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફિસમાં છાંયડા, પીવાના પાણી તથા જરૂરી બેઠક વ્યવસ્થાની સુવિધા ઉભી કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ મિલ્કતવેરા તથા પાણી વેરો ભરપાઈ કરવા માટે તારીખઃ- ૦૯-૦૪-૨૦૨૫ના રોજથી વેરાની વસુલાત ચાલુ થયેલ છે. તારીખઃ૦૯-૦૪-૨૦૨૫થી આજ તારીખઃ૨૩-૦૪-૨૦૨૫ના રોજ ૧ઃ૩૦ વાગ્યા સુધીમાં કુલ-૧૦૨૭૬૭ કરદાતા દ્વારા રૂ.૫૮.૪૮ કરોડની વસુલાત થવા પામેલ છે. જેમાં કુલ-૭૫૮૬૮ કરદાતા દ્વારા ઓનલાઈન રૂ.૪૧.૫૦ કરોડ તથા કુલ-૨૬૮૯૯ કરદાતા દ્વારા ચેક તથા રોકડાથી રૂ.૧૬.૯૮ કરોડ આવક થયેલ છે. કુલ વેરામાં રૂ.૬.૮૪ કરોડ જેટલી માતબર રકમનું ડિસ્કાઉન્ટ એડવાન્સ વેરો ભરપાઈ કરનારને આપવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ મિલ્કતવેરા તથા પાણી વેરો ભરપાઈ કરવા માટે તમામ ઝોન ઓફિસ, સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફિસ ખાતે મિલ્કતવેરા તથા પાણી વેરો સ્વીકારવામાં આવે છે.સદરહું બાબતે ઝોન ઓફિસ, સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફિસમાં છાંયડા,પીવાના પાણી તથા જરૂરી બેઠક વ્યવસ્થાની સુવિધા કરવામાં આવેલ છે.

# ગણેશનગરમાં LCBના દરોડા

## કુખ્યાત ઈભલા સહિત છ ઝડપાયા

### પોલીસે ૩૨,૦૦૦ થી વધુની રોકડ કરી જપ્ત

### બાતમી મળતા પાડવામાં આવ્યો હતો દરોડો

રાજકોટ, તા. ૨૩

હાલ જુગારનું દુષણ સતત વધી રહ્યું છે ત્યારે ગઈકાલે મોરબી રોડ પર આવેલા ગણેશ નગરમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઝોન વન ની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા અને જુગાર રમતા કુખ્યાત ઈભલા ખાટકી સહિત છ શખ્સોને ઝડપી પાડી પટમાંથી રૂપિયા ૩૨,૩૦૦ ની રોકડ કબજે કરી કાયદેસરની



કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની વિગત ને જો ધ્યાને લેવામાં આવે તો લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઝોન એકના કોન્સ્ટેબલ રવીરાજ પટગીર, સત્યજીતસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવતો હતો તે દરમિયાન મોરબી રોડ પર ગણેશ નગરમાં લાતી પ્લોટ પાછળ અમુક શખ્સો જાહેરમાં જુગાર રમતા હોવાની બાતમી મળી હતી જે બાદ પોલીસ વિભાગે દરોડો પાડ્યો હતો.

પતા ટીંચતો ગણેશનગરનો કુખ્યાત ઈબ્રાહીમ કરીમ કાથરોટીયા ઉર્ફે ઈભલો ખાટકી, ભગવતી પરાના ઉમેશ જગદીશભાઈ ડાભી , ભીલવાસના નજીર અલ્લારખાભાઈ કસરીયા , ગણેશનગરના પરેશ રમેશભાઈ વાઘેલા , ભગવતીપરાના ઈમરાન હુસેનભાઈ ચોટીયારા અને હુસેન ઉર્ફે લાખો જુમાભાઈ ઠેબાને ઝડપી પાડી પટ્ટમાંથી રૂા.૩૨૩૦૦ની રોકડ કબજે કી બી.ડીવીઝન પોલીસ મથકમાં તમામ વિરૂધ્ધ જુગારધામ એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે જુગાર રમતા પકડાયેલો કુખ્યાત ઈભલા ખાટી વિરૂધ્ધ ૪૦થી વધુ ગુના નોંધાયેલા છ અને ૮ વખત પાસાની પણ હવા ખાઈ ચુકયો છે.

### મહામુલી જિંદગી એક દિવસ ખતમ થવાની જ છે પરંતુ તેને જાતે ત્યજી દેવી કેટલુ યોગ્ય?

# પરિણીતાએ ગળાટૂંપો ખાઈ મોતને વ્હાલુ કરી લીધુંઃ કારણ અકળ

## એક માસુમ દિકરી મા વિહોણી થઇ ગઇઃ બે ઘટનામાં બે પ્રૌઢ સાથે દિલ દગાખોરી કરી જતાં જીવ ગયોઃ વૃધ્ધનું ઓપરેશન બાદ થયું મૃત્યુઃ સ્વજનોએ કર્યુ ચક્ષુનોનું દાન

રાજકોટઃ જિંદગીની સફર કઈ રીતે અને કયા સ્થળે ખતમ થઈ જાય તેની કાળા માથાના માનવીને ખબર હોતી નથી. આ પ્રકારની અપમૃત્યુની ઘટનાઓમાં રોજબરોજ કોઈને કોઈ પરિવાર પોતાના સ્વજન, એકલૌતા પુત્ર કે આધારસ્તંભને ગુમાવતાં રહે છે. અમુક કિસ્સામાં લોકો આપઘાત પણ કરી લેતાં હોય છે. તો ક્યારેક હૃદય રોગના હુમલાથી કે પછી વાહન અકસ્માતથી મૃત્યુ થતાં હોય છે. વધુ આવા ચાર મૃત્યુની ઘટના સામે આવી છે જેમાં એક પરિણીતાએ ગળાફાંસો ખાઈને મોત મેળવી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. અન્ય બે બનાવમાં બે પ્રૌઢને તેમના દિલ દગો દઈ જતાં શ્વાસ રૂંધાઈ ગયા હતાં. એક કિસ્સામાં વૃધ્ધની હાલત આંતરડાનું ઓપરેશન કરાવાયા બાદ કથળી હતી અને તેમનું મૃત્યુ થયું હતું. જો કે તેમના સ્વજનોએ દુઃખની પળોમાં પણ સમાજલક્ષ્મી સેવાકાર્ય કરી આ વૃધ્ધ સ્વજનના ચક્ષુનું દાન કરી બીજા લોકોને પ્રેરણા પુરી પાડી હતી.

અપમૃત્યુની ઘટનાઓ પર નજર કરીએ તો મેટોડામાં રહેતી પરિણીતાએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મેટોડા જીઆઈડીસીમાં નીલકમલ પાર્કમાં રહેતી રીનાબેન દધીચીકુમાર જાદવ નામની સત્યાવીસ વર્ષની પરિણીતાએ સાંજે ગળાફાંસો ખાઈ લેતાં બેભાન હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ અહિ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના આસી સબ ઈન્સ. રામશીભાઈ વરૂ, ચંદ્રસિંહ ઝાલા, ધર્મેન્દ્રભાઈ, તૌફિકભાઈ, ભગીરથસિંહે જાણ કરતાં મેટોડા પોલીસે કાર્યવાહી કરી હતી. આત્મહત્યા કરી લેનાર રીનાબેનના લગ્ન અઢી વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં બે વર્ષની એક દિકરી છે. તેનો પતિ પાણીપુરી વેંચવા સાથે રિક્ષાના ફેરા કરી ગુજરાન ચલાવે છે. આપઘાતનું કારણ બહાર ન આવતાં મેટોડા પોલીસ સ્ટેશનના આસી સબ ઈન્સ. ભુમિકાબેન વ્યાસે વિશેષ તપાસ યથાવત રાખી હતી.

અપમૃત્યુની અન્ય ઘટનાઓ જોઈએ તો બે લોકોના દિલ તેમના માટે દગાખોર બની ગયા હતાં. ગાંધીગ્રામ ભારતીનગર-



૧માં રહેતાં એકાવન વર્ષના નૌશાદભાઈ મુબારકઅલી અંસારી નામના પ્રૌઢ રૈયા ચોકડીએ કિસ્મત હોટલ ઉપરના ભાગે આવેલી પોતાની ઈલેક્ટ્રોનીક ચીજવસ્તુની દુકાને હતાં ત્યારે એકાએક બેભાન થઈ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. તેઓ ત્રણ ભાઈ અને બે બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ કહ્યું હતું. જયારે બીજા બનાવમાં ગોંડલ રોડ ખોડિયારનગર-૧૦માં રહેતાં હેમુભા નારૂભા ડાભી નામના અઠ્ઠાવન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. તેઓ ત્રણ બહેન અને ચાર ભાઈમાં ત્રીજા હતાં. સંતાનમાં ત્રણ દિકરી છે. પોતે નવાગામ કારખાનામાં પ્રાઈવેટ નોકરી કરતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું.

ચોથા બનાવ પર નજર કરીએ તો કોઠારીયા રોડ વિવેકાનંદનગર-૫માં રહેતાં શીવાભાઈ રવજીભાઈ લીલા નામના ત્ર્યાંસી વર્ષના વૃધ્ધને પેટના દુઃખાવાની સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. જ્યાં આંતરડાનું ઓપરેશન કરાવાયા બાદ તબિયત બગડતાં ગઈકાલે જ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ તેમણે અંતિમ શ્વાસ લઈ લેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

તેમને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ, ચંદ્રસિંહ, ધર્મેન્દ્રભાઈ, તૌફિકભાઈ, ભગીરથસિંહે ગાંધીગ્રામ, માલવીયાનગર અને ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. રવજીભાઈના ચક્ષુનું દાન કરવા હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઈ વરૂએ પરિવારજનોને જણાવતાં સ્વજનોએ ચક્ષુદાન કરી સ્તુત્ય પગલુ ભર્યું હતું. ઉલ્લેખનીય છે કે આસી સબ ઈન્સ. રામશીભાઈ વરૂ પોલીસની ફરજ બજાવવાની સાથે સાને માનવતા લક્ષી કાર્ય પણ કરતાં રહે છે. તેમના પ્રયાસથી વધુ એક ચક્ષુદાન થયું હતું.

### ગઠીયાગીરી, ઠગાઇ, ફ્રોડ, છેતરપીંડીના વધુ ત્રણ નવા કિસ્સાઓ પહોંચ્યા પોલીસ સુધી

# વીમા પેમેન્ટ રિફન્ડના નામે વેપારીના બાવીસ લાખ ખાઇ જવાયા

### સાયબર ક્રાઇમ પોલીસે દિલ્હીના એક ઠગને દબોચ્યો: તેના ભાઇની તલાસ: બીજા બનાવમાં સુતરના વેપારીઓને એક કરોડનો ચુનો લાગ્યો: ત્રીજી ઘટનામાં સોની વપારી સાથે નવતર પ્રકારે લાખોની ઠગાઇ

રાજકોટ: છેતરપીંડીની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. જે દિવસે કોઇ પોલીસ સ્ટેશનમાં આ પ્રકારની ફરિયાદ ન આવે તે દિવસે પોલીસને પણ નવાઇ લાગતી હશે. ફ્રોડના વધુ કેટલાક બનાવો સામે આવ્યા છે. જેમાં વીમા પેમેન્ટ રીફન્ડના નામે બે ભાઇઓએ મળી બાવીસ લાખનો ચુનો લગાવી દીધો હતો. બીજા એક બનાવમાં યાર્ન-સુતરના વેપારીઓ સાથે એક કરોડ ત્રણ લાખની ઠગાઇ કરવામાં આવી છે. ત્રીજા બનાવમાં સોનાની ખરીદીના નામે ત્રણ લાખ પંદર હજારની ઠગાઇ થઇ છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ સુરતમાં સામે આવ્યો છે. વીમા કંપનીમાંથી બોલતા હોવાની ખોટી ઓળખ આપી અને પોલીસી રકમ રિફંડ કરાવવાના બહાને ફરીયાદી પાસેથી રૂપિયા ૨૧,૯૭,૬૫૬ ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લીધા બાદ ભાગી ગયેલા આરોપીને સુરત સાઇબર ક્રાઇમની ટીમે દિલ્હીમાં તપાસ કરીને પકડી પાડ્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે બે ભાઈઓ આ સાયબર ફ્રોડ ને અંજામ આપતા હતા. સાયબર સેલ અગાઉ એક ભાઈની દિલ્હીથી ધરપકડ કરી હતી, ફરી દિલ્હી જઈ બીજા આરોપી ભાઈની ધરપકડ કરી છે. આરોપી દિલ્હીમાં સેલ્સમેન તરીકે નોકરી કરે છે અને પોતાના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરીને સાયબર ફ્રોડમાં પૈસા ટ્રાન્સફર માટે કરતો હતો.

નાણા ગુમાવનારાના કહેવા અનુસાર કોઈ અજાણ્યા વ્યક્તિએ તેમને ફોન કરીને પોતે વીમા કંપની તરફથી બોલતો હોવાનો ભ્રમ આપ્યો હતો. ત્યાર બાદ ફરીયાદીના તથા તેમના પરિવારના સભ્યોના નામે અલગ-અલગ વીમા કંપનીઓમાં દસ પોલીસીઓ અંગે ખોટી માહિતી આપી હતી. પોલીસી રકમ પરત મેળવવા માટે તેમને અલગ-અલગ ચાર્જ રિફંડ ફી, પેનલ્ટી, ડિપોઝિટ વગેરેના નામે ખૂબજ વિશ્વાસમાં લઈ રૂપિયા ૨૧,૯૭,૬૫૬ની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી હતી. આ બનાવ અંગે ફરીયાદીએ સાઇબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો. ત્યાર બાદ સુરત શહેર સાઇબર ક્રાઇમ સેલ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસના આધારે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

બેંકોમાંથી લેતી વિગત એકત્ર કર્યા બાદ ટેકનિકલ એનાલિસિસ કરીને આરોપીઓના સુરાગ મેળવાયા. ત્યાર બાદ એક ટીમને દિલ્હી મોકલી દેવામાં આવી હતી. સૌથી પહેલા અમિતકુમાર વિદ્યાનંદ રઘુનંદન ઠાકુરની ધરપકડ કરવામાં આવી હતી. પછી સાયબર ક્રાઇમ સેલને જાણવા મળ્યું કે, તેના ભાઈ પણ આ ફ્રોડમાં શામેલ છે જેથી તેના ભાઈની ધરપકડ કરવા માટે સાયબર સેલ ફરી દિલ્હી પહોંચી હતી અને તેની ધરપકડ કરી હતી. સુમિતકુમારે પોતાની બેંક એકાઉન્ટમાં ફરીયાદીના ૫,૩૭,૦૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા અને તેમાંથી રોકડ રકમ ઉપાડી પોતાનો ભાઈ અમીતકુમારને આપી હતી.




બીજી ઠગાઈમાં સુરતના યાર્ન માર્કેટમાં વેપારીઓ સાથે મોટાપાયે છેતરપિંડીનો બનાવ બહાર આવ્યો છે. ઝાપા બજાર સુપર યાર્ન માર્કેટની બાજુમાં ભવાની એન્ટર-ઇઝ અને હરિહર સિન્થેટિકના નામે ધંધો કરતા યાર્નના વેપારી નિકુંજ પ્રવીણ પીપવાલાએ આરોપ મૂક્યો છે કે નાના વરાછાના રાવલીયા દંપતી અને તેમના પુત્ર સહિત તેમની ઓળખીતા વેપારીએ યાર્નનો માલ મંગાવી ૧.૩ કરોડનું પેમેન્ટ ચૂકવ્યા વગર છેતરપિંડી કરી છે. અડાજણ પાટીયા ધનમોરા કોમ્પ્લેક્ષ સામે આવેલી લેહ સુરતી સોસાયટીમાં રહેતા નિકુંજભાઈ ઝાપા બજાર નજીક યાર્નના વેપાર સાથે સંકળાયેલા છે. હાલમાં તેઓ ભવાની એન્ટરપ્રાઇઝ અને હરિહર સિન્થેટિક પેઢી ચલાવે છે. અન્ય વેપાર માટે નિકુંજભાઈનો સંપર્ક નાના વરાછાની કલાકુંજ સોસાયટીમાં રહેતા બાલુ ત્રિકમ રાવલીયા તેમના પત્ની ભાવના બાલુ રાવલીયા અને પુત્ર ચિરાગ રાવલીયાએ કર્યો હતો.

વ્યાપારિક ચર્ચા બાદ વેપાર શરૂ કરવામાં આવ્યો હતો અને નિકુંજભાઈએ ચિરાગ રાવલીયાની એન.જે. ટેક્સટાઇલ, બાલુ રાવલીયાની તનિષ્ક ટેક્સટાઇલ અને ભાવના રાવલીયાની ભાવના સિલ્ક મિલ્સમાં યાર્નનો માલ ઓર્ડર મુજબ મોકલાવ્યો હતો. સાથે સાથે, પોતાના ઓળખીતા વેપારીઓના પેઢીમાંથી પણ રાવલીયા માતા-પુત્રને માલ અપાવ્યો હતો. આ તમામ ટ્રાન્ઝેક્શન બાદ કુલ ૧.૩ કરોડના માલનું પેમેન્ટ બાકી રહ્યું હતું. પરંતુ ઘણા સમય બાદ પણ રાવલીયા દંપતી, પુત્ર તથા કિશન વાળાએ પેમેન્ટ ચૂક્વ્યું ન હતું. વારંવાર યાદી અપાઈ છતાં પેમેન્ટ ન મળતા નિકુંજભાઈને છેતરપિંડીનો અંદાજ આવ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી.

ત્રજા બનાવમાં કલોલમાં આવેલા સોનીની દુકાનમાંથી ૩,૧૫,૦૦૦ નું સોનુ ખરીદવામાં આવ્યું હતું ત્રાહિત વ્યક્તિના ખાતામાંથી પેમેન્ટ કરાવવામાં આવ્યું હતું જે બાબતે વેપારીનું ખાતું ફ્રિજ કરી દેવામાં આવ્યું હતું જેથી તેઓ પોલીસ મથકે દોડી ગયા હતા અને પોતાની સાથે છેતરપિંડી આચરનાર ઈસમો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ ચલાવી છે.

આ બાબતે મળતી વિગતો અનુસાર કલોલમાં રાજદીપ જ્વેલર્સ નામની દુકાન ચલાવતા મનોજભાઈ સોની તેમની દુકાનમાં હાજર હતા ત્યારે એકની ઈસમે તેમને ફોન કર્યો હતો અને કહેલ કે હુ બીપીન પટેલ બોલું છું મારે રૂપિયા ૩,૧૫,૦૦૦ નું સોનું ખરીદવું છે અને મારો માણસ તમારે ત્યાં આવશે તમે ક્યુઆર કોડ આપશો એટલે તે પેમેન્ટ કરી આપશે અને તમે તેને રૂપિયા ૩,૧૫,૦૦૦ નું સોનું આપી દેજો જે પ્રમાણે એક ઈસમ તેમની દુકાને આવ્યો હતો અને તેણે ૩,૧૫,૦૦૦ નું ક્યુઆર કોડ ઉપર પેમેન્ટ કર્યું હતું જેથી તેઓએ તેને ૩૩ ગ્રામ સોનું આપ્યું હતું અને બીપીન પટેલના નામનું બિલ બનાવીને આપ્યું હતું.

ત્યારબાદ તેમના ફોન ઉપર અલગ નંબરથી ફોન આવ્યો હતો અને ફોન કરનારે કહેલ કે હું બીપીન પટેલ બોલું છું અને મારા ખાતામાંથી તમને રૂપિયા ૩,૧૫,૦૦૦નું પેમેન્ટ કરવામાં આવેલ છે જે પેમેન્ટ મારી સાથે ગાડી આપવાના બહાને છેતરપિંડી કરનાર ધવલ પટેલના કહેવાથી તમારા ખાતામાં મેં કર્યું છે બીપી પટેલે કહેલ કે ધવલ પટેલે મને ગાડી આપવાનું કહેલ જેથી મેં તમારા ખાતામાં ત્રણ લાખ પંદર હજારનું પેમેન્ટ કર્યું છે અને તેણે મને ગાડી આપી નથી જેથી તેઓ નિકોલ પોલીસ મથકે ફરિયાદ કરવા પહોંચ્યા હતા.

# બન્ની ગજેરા સામે એટ્રોસિટી હેઠળ ગુન્હો



### બાબા સાહેબ આંબેડકર વિષે અભદ્ર શબ્દોનો ઉપયોગ કરતા ઉપલેટા પોલીસમાં નોંધાઇ ફરિયાદ

રાજકોટ મિરર તા.૨૩

સોશિયલ મીડિયામાં ખૂબ જ ચર્ચામાં રહેલ ભાવીન ગજેરા ઉર્ફે બન્ની ગજેરા વિરુધ્ધ ઉપલેટા પોલીસમાં એટ્રોસિટી એકટ હેઠળ ગુન્હો નોંધાયો છે. મળતી માહિતી મુજબ ફરિયાદીએ જણાવ્યું હતુ કે ડો. બાબાસાહેબ આંબેડકર વિરુધ્ધ અભદ્ર શબ્દોનો ઉચ્ચાર કરવામાં આવ્યો હતો. જે બાદ ઉપલેટાના ઢાંક વિસ્તારમાં રહેતા ૩૩ વર્ષીય ભરત વાલાભાઇ લુણશીયાએ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીએ જણાવ્યું કે ૨૨ એપ્રિલના રોજ તેઓ જ્યારે તાલુકા પંચાયતની કચેરીએ હાજર હતા ત્યારે સાંજના સમયે ૪:૩૦ વાગ્યે તેઓએ વ્હોટ્સએપમાં બે અલગ અલગ વીડિયો જોયા હતા જે વીડિયોમાં ભાવીન ઉર્ફે બન્ની ગજેરા કે જે ધોરાજીના મોટા ગુંદાળા ખાતે રહે છે તેને તેના સમાજના માણસોનું અપમાન થાય તેવા શબ્દો ઉચ્ચાર્યા હતા અને આંબેડકર સાહેબ વિરુધ્ધ પણ તે અભદ્ર શબ્દો બોલ્યો હતો.

આ હિન્ન કૃત્યથી સમાજમાં ભારે ઉહાપોહ મચી ગયો છે અને અસંતોષની લાગણી જોવા મળે છે. વધુમાં તેણે જણાવ્યું હતું કે સમાજના અલગ અલગ વર્ગો વચ્ચે ઘર્ષણ થાય અથવા ઝગડાઓ થાય તે રીતના બંન્ને વીડિયો બનાવવામાં આવ્યા હતા જે જોઇ સમાજના મુખ્ય આગેવાનો સાથે વાતચીત કરી કાયદાકીય કાર્યવાહી કરવા માટે ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે ઉપલેટા પોલીસે ભાવીન ઉર્ફે બન્ની ગજેરા વિરુધ્ધ એટ્રોસિટી એકટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આ સમગ્ર મામલાની તપાસ ઉપલેટા પી.આઇ. ભાવેશ પટેલના નેજા હેઠળ થઇ રહી છે.




રાજકોટ મિરર તંત્રીની કલમે

# અંદર પણ સફાયો કરો

## પાકિસ્તાન તો રાક્ષસ છે જ, પણ સ્થાનિકોની મદદ વગર કાંડ જ ન થાય



જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા રાક્ષસી આતંકી હુમલાના દેશ વિદેશમાં પડ્યા છે આ ટાર્ગેટ કિલિંગ ની ઘટના છે. એટલે કે હિન્દુઓને જ ટાર્ગેટ કરીને ફૂંકી મરાયા છે. આ ઘટના સામાન્ય નથી અને મોદી સરકારે પણ ગંભીરતાથી નોંધ લીધી છે.

ગૃહ પ્રધાન અમિત શાહ સાંજે જ કાશ્મીર પહોંચી ગયા અને વડાપ્રધાન મોદીજી વિદેશ પ્રવાસ ટુંકાવીને રાતોરાત સ્વદેશ આવી ગયા. ઉચ્ચ સ્તરીય બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે. મોટી નવા જૂની થવાના એંધાણ મળી રહ્યા છે. આતંકી હુમલાના પ્રાથમિક અહેવાલો પ્રમાણે સમગ્ર રાક્ષસી કાંડના માસ્ટરમાઈન્ડ પાકિસ્તાનમાં બેઠા છે.

સમગ્ર ભારતમાં હુમલા સામે તીવ્રતમ આક્રોશ લાયો છે. મીડિયા પણ આક્રમક છે. આક્રોશનું કેન્દ્ર પાકિસ્તાન બની ગયું છે. પાકિસ્તાન તો રાક્ષસ છે જ, તેનો બરાબરનો ઈલાજ થવો જ જોઈએ. મોદી સરકાર ઈલાજ કરશે જ. પણ આવી ઘટનાઓ વખતે એક મહત્વનો મુદ્દો લગભગ દર વખતે છટકી જાય છે, જે અંદરના રાક્ષસનો છે.

પાકિસ્તાન દ્વારા થયેલા આ કાંડમાં સ્થાનિકોનો સહયોગ પણ ઉજાગર થઈ રહ્યો છે જોકે સ્થાનિકોના સહયોગ વગર આ રીતના હુમલા શક્ય જ લાગતા નથી. રાક્ષસો માત્ર જમ્મુ કશ્મીરમાં જ નહીં દેશના અનેક ખૂણામાં પથરાયેલા હશે. ભારતમાં વારંવાર લઘુમતીઓ ની સ્કેરણી થાય તેવી પ્રવૃત્તિઓ તથા મિશનો ચાલે છે. આવું મિશન ચલાવવામાં પણ આંતરિક રાક્ષસોની વ્યાખ્યામાં થઈ શકે.

આવા લોકો રાષ્ટ્ર માટે ઘાતક ગણાય, તેના તરફ પણ આક્રોશ વળવો જોઈએ. દેશમાં આંતરિક સફાયાની જરૂર છે. આવા રાક્ષસો દેશમાં શાંતિ લેવા દે તેમ નથી. એની પણ દવા થઈ જવી જોઈએ.

મોદી સરકારે અન્યાય કાયદા કાનુન સિસ્ટમમાં બેધડક ફેરફારો કર્યા છે તેથી ઘણા સ્થાપિત હિતોને પેટમાં દુખાવા ઉપડી ગયા છે. ખુદ કંઇ કરી શકે તેમ નથી તેથી લઘુમતી સમુદાયની ઉશ્કેરણી થતી રહે તેવા મિશન ચલાવે છે. એવા તત્વો જાણતા અજાણતા પાકિસ્તાનના હાથા જેવા બની જાય છે, જે દેશ માટે જોખમી ગણાય.

બીજી તરફ પાકિસ્તાન સામે ભારતે ૧૦ વર્ષોથી આક્રમક રણનીતિ અપનાવી છે. પાકિસ્તાન લગભગ દરેક ક્ષેત્રે બરબાદીના આરે આવી ગયું છે. વિશ્વમાં આબરૂ ખોઈ ચુક્યું છે. ભારત સામે ઊભું રહેવાની પણ તેની ત્રેવડ રહી નથી. આ કારણે તે પણ ભારતમાં આંતરિક ગૃહ યુદ્ધ ફેલાય તેવા ગતકડા કરતું રહે છે, ભારતમાં ઘણા તેના ચક્કરમાં ફસાઈ રહ્યા છે.

ભારત માટે અન્યાયક સમય છે સરહદ પારના અને સરહદ અંદરના બંને પ્રકારના રાક્ષસોનો સફાયો થવો જોઈએ.






# પહેલગામની ઘટના પછી શું? સરકાર કેવા પગલા લેશે?

**પહેલગામની ઘટના હચમચાવી મુકે એવી છે . કાશ્મીરમાં સામાન્ય સ્થિતિ સર્જાઈ રહી છે એવું લાગતું હતું પણ વાસ્તવિકતા કૈક જુદી છે. છેલ્લા થોડા સમયમાં આતંકી ઘટના વધી છે. અને સામાન્ય રીતે ટુરિસ્ટ પર આતંકી હુમલા થતા નથી. અને લોકોનો ધર્મ પૂછી ગોળીએ દેવાની આતંકી કુરતા આ ઘટનાને અલગ પાડે છે. ક.૩૭૦ દૂર્મ થયા બાદ અને ધારાસભાની ચૂંટણી બાદ આ હુમલો થ્વોઈ એ કેન્દ્ર સરકાર માટે એક પડકાર છે. મોદી સરકાર માટે કેટલાક પગલાં લેવા આવશ્યક બની જાય છે. કાશ્મીરની નીતિમાં ફેરફાર લાવવા મજબૂર બનવું પડશે. શું ઉરી અને પુલવામાં અપછી આકરા પગલા લીધા હતા એવું કૈક થશે?**

પહેલગામમાં ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ બનેલા આતંકવાદી હુમલમાં ૨૭ ટુરિસ્ટ માર્યા ગયા. આ ઘટના હચમચાવી મુકે એવી જઘન્ય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિદેશ પ્રવાસ ટૂંકાવી પાછા આવી ગયા અને ગૃહ મંત્રી તાકીદે કાશ્મીરની મુલાકાતે ગયા અને એ પછી ઉચ્ચ સ્તરીય બેઠકોનો સિલસિલો ચાલ્યો એ દર્શાવે છે કે, આ મુદે કૈક નક્કર કાર્યવાહી જરૂર થશે. બધા રાજકીય પક્ષોએ એકી અવાજે આ હુમ્લાને વખોડી કાઢ્યો છે. અને આતંકવાદ સામે એકી અવાજે લડવાની વાત કરી છે એ સારી નિશાની છે. પણ આ હુમલાનું વિશ્લેષણ કરવું રહ્યું.

૩૭૦ દૂર થઇ ત્યારે લોહીનું એક ટીપું કાશ્મીરમાં પડ્યું નહોતું. અને ચાર વર્ષે ચૂંટણી થઇ એમાં ય કોઈ મોટી ઘટના બની નહોતી. ભાજપને સત્તા મળે એટલી બેઠકો ના આવી અને એનસીને સત્તા મળી. ઓમર અબ્દુલ્લા મુખ્યમંત્રી બન્યા. પણ કાશ્મીરમાં શાંતિની સ્થાપના થઇ છે એવી ગણતરીઓ ખોટી પડી છે. છેલ્લા થોડા સમયથી આતંકી ઘટનાક્રમ વધ્યો છે. અને કૈક મોટું થશે એવી શંકા વ્યક્ત થઇ હતી. કમનસીબ એવું જ બન્યું. પહેલગામમાં જે રીતે હત્યાઓ થઇ છે એ દર્શાવે છે કે પૂર્વયોજિત ઘટના છે. અને પ્રાથમિક અહેવાલો મુજબ બે માસથી પલાનીંગ થતું હતું. એનો માટલ એમ પણ થાય કે, આ ઈન્ટેલીજન્સ નિષ્ફળતા પણ છે.

સામાન્ય રીતે આતંકીઓ ટુરિસ્ટને ટાર્ગેટ કરતા નથી પણ આ ઘટના દર્શાવે છે કે, ઈરાદો કૈક જુદો છે. ભૂતકાળમાં આવી ઘટના બની છે પણ આ વેળા બની છે એનો મતલબ એ છે કે, આતંકી સંગઠનો કાશ્મીરમાં શાંતિ સર્જાય , પ્રવાસન જે રીતે વિકસી રહ્યું હતું એ અટકે અને રાજ્યની આર્થિક કરોડરજ્જુ તૂટે. આવા નાપાક ઈરાદાઓ હોય શકે છે. કારણ કે, કાશ્મીરમાં મોટા ઉદ્યોગો હજુ ય આવ્યા નથી જે રોજગારીનું મોટાપાયે સર્જન કરી શકે. પ્રવાસન એક જ એવું માધ્યમ છે કે, જેમાં સ્થાનિકોને રોજગારી મળે છે. અને સ્થાનિક મુસ્લિમો પણ પ્રવાસન છેલ્લા થોડા સમયથી વિકસ્યું એનાથી રાજી છે. ૨૦૨૪માં ૩૫ લાખ પ્રવાસીઓએ કાશ્મીરની મુલાકાત લીધી હતી, અને આ વર્ષે ય પ્રવાસીઓની સંખ્યા વધી હતી. પણ હવે આ વાત અટકી પડશે.

મોદી સરકારે નોટબંધી કરી અને એનાથી આતંકી પ્રવૃત્તિની કેદ ભાંગી ગઈ છે એવું લાગતું હતું એ વાત પણ ખોટી પડી છે. હવે નવેસરથી આ મુદે વિચારવું પડશે. તાજેતરમાં પાકિસ્તાન અને ભારતના પ્રવક્તાઓ દ્વારા સામસામી નિવેદન બાજી થઇ હતી. પીઓકેમાં અને સિંધ પ્રાંતમાં દેખાવો થઈ રહ્યા છે. અને પાકિસ્તાનની આર્થિક હાલત જે રીતે બગડી છે એ વચ્ચે આવો હુમલો ઘણું બધું કહી જાય છે.

હવે શું? આ પ્રશ્નનો જવાબ મળવો જોઈએ. હુમલા બાદ સુરક્ષા દળોએ બૈસરણ મેદાન અને આસપાસના વિસ્તારોમાં મોટા પાયે આતંકવાદ વિરોધી કામગીરી શરૂ કરી છે, જેમાં હેલિકોપ્ટર, ALH ધ્રુવ હેલિકોપ્ટર, અને ફોલિએજ પેનિટ્રેટિંગ રડારનો ઉપયોગ થઈ રહ્યો છે. મોદી સરકાર આ કામગીરીને વધુ તીવ્ર કરી શકે છે, ખાસ કરીને દૂરના અને ગાઢ જંગલ વિસ્તારોમાં, જ્યાં આતંકવાદીઓએ છુપવાની જગ્યાઓ બનાવી હોવાનું માનવામાં આવે છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) દ્વારા તપાસ શરૂ થઈ છે, અને સ્થાનિક સ્લીપર સેલ્સ તેમજ પાકિસ્તાની આતંકવાદીઓની ભૂમિકાની તપાસ ઝડપી કરવામાં આવશે. ટેલિકોમ કંપનીઓ પાસેથી હુમલા સમયે સક્રિય મોબાઈલ નંબરોની વિગતો માંગવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરમાં, ખાસ કરીને પ્રવાસી સ્થળો અને અમરનાથ યાત્રા (જુલાઈ ૨૦૨૫) જેવા ધાર્મિક કાર્યક્રમો માટે સુરક્ષા વધારવામાં આવશે.

ખબર ની KHABAR



કૌશિક મહેતા

બૈસરણ જેવા દૂરના વિસ્તારોમાં સુરક્ષા ચોકીઓ અને ગુપ્તચર નેટવર્ક મજબૂત કરવામાં આવશે. બારામુલ્લા ખાતે લાઇન ઓફ કંટ્રોલ (ક્ઝાઈ) પર ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ કરવામાં આવ્યો, અને બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. સરકાર ક્ઝાઈ પર નજરદારી વધારવા માટે ડ્રોન, થર્મલ ઈમેજિંગ, અને અન્ય અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ વધારી શકે છે.વડાપ્રધાને મોદીએ કહ્યું કે, આ ઘૃણાસ્પદ કૃત્ય પાછળના લોકોને ન્યાયના કટઘરે લાવવામાં આવશે, તેમને છોડવામાં નહીં આવે. શાહે પણ કહ્યું કે આ નીચ કૃત્યમાં સામેલ લોકોને સખત પરિણામો ભોગવવા પડશે. આ નિવેદનો દર્શાવે છે કે સરકાર આતંકવાદીઓ અને તેમના સમર્થકો સામે સર્જિકલ સ્ટ્રાઈક અથવા અન્ય લશ્કરી કાર્યવાહી જેવા પગલાં લઈ શકે છે, જેવું ૨૦૧૬ (ઉરી) અને ૨૦૧૯ (પુલવામા) હુમલા બાદ થયું હતું. અલબત એ સાવ સહેલું નથી. વિશ્વમાં રશીયા યુક્રેન અને ઇઝરાયલ હમાસ વચ્ચે યુદ્ધ છાલે છે. એમાં વિરામની વાતો થઈ રહી છે. અમેરિકા દરમિયાનગીરી કરી રહ્યું છે. ભારત તટસ્થ રહ્યું છે. જો કે, પહેલગામ ઘટના બાદ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા મોદી સાથે વાત થઈ છે અને સાથ સહસ્કાર આપવાની વાત કરી છે. પણ મોદી સરકાર પર દબાણ તો છે જ. લોકોની અપેક્ષા પણ છે કે કૈક મોટી કાર્યવાહી થવી જોઈએ અને બીજી બાજુ આંતર રાષ્ટ્રીય કક્ષાએ એવું કઈ થાય તો કેવા પડઘા પડે એનો ય વિચાર કરવાનો છે.

હુમલાની જવાબદારી લશ્કર-એ-તૈયબાના પેટા-જૂથ ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટએ લીધી છે, અને સૂત્રો અનુસાર ૫-૭ પાકિસ્તાની આતંકવાદીઓ સામેલ હતા. ભાજપ નેતા રવિન્દર રૈનાએ પાકિસ્તાન-સમર્થિત આતંકવાદીઓને જવાબદાર ગણાવ્યા છે. ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) એ લશ્કર-એ-તૈયબાનું એક પ્રોક્સી સંગઠન છે, જે ૨૦૧૯માં આર્ટિકલ ૩૭૦ની રદ્દી બાદ જમ્મુ-કાશ્મીરમાં ઉભું થયું. પાકિસ્તાનની ઈજ્ઇના સમર્થનથી, ઝછ્ઞ્ધર્મનિરપેક્ષ દેખાવ સાથે સ્થાનિક પ્રતિકાર આંદોલન તરીકે રજૂ થાય છે, પરંતુ તેની પ્રવૃત્તિઓલઘુમતીઓ, પ્રવાસીઓ, અને સુરક્ષા દળો પર હુમલાઆતંકવાદી સ્વરૂપ દર્શાવે છે. પહેલગામ હુમલો (૨૦૨૫) જેવી ઘટનાઓએ TRFની ખતરનાક ક્ષમતાઓ અને ભારતની સુરક્ષા માટે પડકારોને ઉજાગર કર્યા છે. ભારત સરકારે UAPA હેઠળ બેન, સુરક્ષા કામગીરી, અને આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા TRF સામે પગલાં લીધા છે, પરંતુ તેની ઓનલાઈન ભરતી, અજ્ઞાત ઓળખ, અને સ્થાનિક સહયોગ હજુ પણ નોંધપાત્ર પડકારો ઉભા કરે છે. ભવિષ્યમાં, ગુપ્તચર નેટવર્ક, ડિજિટલ નજરદારી, અને કાશ્મીરમાં વિકાસના પ્રયાસો દ્વારા TRFની પ્રવૃત્તિઓને રોકવાની જરૂર રહેશે.

સરકાર આંતરરાષ્ટ્રીય મંચો, જેમ કે સંયુક્ત રાષ્ટ્ર, પર પાકિસ્તાનને આતંકવાદના મુદ્દે ઘેરવાનો પ્રયાસ કરી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન, સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, અને અન્ય વૈશ્વિક નેતાઓએ હુમલાની નિંદા કરી અને ભારતને સમર્થન આપ્યું છે. મોદી સરકાર આ સમર્થનનો લાભ લઈને પાકિસ્તાન પર રાજદ્વારી અને આર્થિક દબાણ વધારી શકે છે.બીજી બાજુ, હુમલામાં હિન્દુ પ્રવાસીઓને ખાસ નિશાન બનાવવામાં આવ્યા હોવાના કારણે ધાર્મિક ધ્રુવીકરણનું જોખમ ઉભું કરે છે. સરકાર ધાર્મિક સૌહાર્દ અને રાષ્ટ્રીય એકતા પર ભાર મૂકતા સંદેશાઓ, જાહેર અભિયાનો, અને આંતરધર્મ સંવાદને પ્રોત્સાહન આપી શકે છે. સ્થાનિક લોકોએ પીડિતોને મદદ કરી અને કેન્ડલ માર્ચ યોજી, જે સામાજિક એકતાનું પ્રતીક છે.

સરકાર આતંકવાદી સંગઠનોના નાણાકીય નેટવર્કને નષ્ટ કરવા માટે ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનો સાથે સહયોગ વધારી શકે છે. પાકિસ્તાન-આધારિત લશ્કર-એ-તૈયબા જેવા જૂથોના ફંડિંગ પર નજર રાખવામાં આવશે. આતંકવાદ સામે લડવા માટે સરકાર UAPA (ગેરકાયદે પ્રવૃત્તિ નિવારણ અધિનિયમ) જેવા કાયદાઓને વધુ કડક કરી શકે છે અને આતંકવાદીઓની સંપત્તિ જપ્ત કરવા અથવા તેમના સમર્થકો સામે ઝડપી કાર્યવાહી માટે નવી નીતિઓ લાવી શકે છે.

આટલી ચર્ચા પછી એક વાત નક્કી છે કે, મોદી સરકારે કોઈ નક્કર કાર્યવાહી કરવી રહી. એ દિશામાં કેટલી ઝડપે નિર્ણય થાય છે એના પર આખી દુનિયાની નજર રહેવાની.

# કોંગ્રેસ આતંકી હુમલામાં રાજકારણ નહિ કરે : ખડગે

**આપત્તિના સમયે એકતા એ દેશની માંગ છે : સરહદ પારના આતંકવાદી હુમલાનો યોગ્ય અને મક્કમ જવાબ આપવો જ પડે**

નવીદિલ્હી, તા. ૨૩

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ બુધવારે જણાવ્યું હતું કે તેમણે પહેલગામમાં મંગળવારના ઘાતક આતંકવાદી હુમલા અંગે વિગતો મેળવવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને કેન્દ્રશાસિત પ્રદેશના વરિષ્ઠ પાર્ટી નેતાઓ સાથે વાત કરી હતી. તેમણે કહ્યું કે પીડિતોના પરિવારોને ન્યાય મળવો જોઈએ.

ખડગેએ કેન્દ્ર સરકારને જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષો સાથે વાત કરવા વિનંતી કરી.કોંગ્રેસ વડાએ કહ્યું કે મંગળવારે મોડી રાત્રે તેમણે ગૃહમંત્રી શાહ, જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી અબ્દુલ્લા અને જમ્મુ અને કાશ્મીર કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સાથે પહેલગામમાં થયેલા ''જઘન્ય હત્યાકાંડ'' વિશે વાત કરી હતી, જેમાં ઓછામાં ઓછા ૨૬ લોકો, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા, માર્યા ગયા હતા.

''ગઈકાલે મોડી સાંજે મેં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, આપણા પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને આપણા પક્ષના અન્ય વરિષ્ઠ નેતાઓ



સાથે વાત કરી,'' તેમણે ટ્વિટર પર લખ્યું. આપત્તિના સમયે એકતા એ સમયની માંગ છે. આ સરહદ પારના આતંકવાદી હુમલાનો યોગ્ય અને મક્કમ જવાબ આપવો જોઈએ. ભારત સરકારે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા સુનિશ્ચિત કરવા અને પ્રવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષો સાથે વાત કરવી જોઈએ. ૨૦૦૦ માં થયેલા ભયાનક ચિત્તિસિંગપુરા હત્યાકાંડ પછી આતંકવાદીઓ અને અલગતાવાદી દળો દ્વારા કરવામાં આવેલા આ સૌથી સ્પષ્ટ અને અપમાનજનક પ્રયાસોમાંનો એક છે. અમે ભારપૂર્વક કહીએ છીએ કે નિઃશસ્ત્ર અને નિર્દોષ નાગરિકોની હત્યા કરનારાઓ માણસો ન હોઈ શકે.

અમરનાથ યાત્રા થોડા દિવસોમાં શરૂ થવા જઈ રહી છે અને દર વર્ષે લાખો પ્રવાસીઓ તેમાં ભાગ લે છે. યાત્રા દરમિયાન આવા હુમલા પહેલા પણ થયા છે. તેથી, મુસાફરોની સલામતી સારી હોવી જોઈએ અને સુરક્ષા કડક હોવી જોઈએ. અમને એવી પણ આશા છે કે એકવાર જરૂરી પગલાં લેવામાં આવશે અને સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ થશે, ત્યારે સરકાર આતંકવાદના પડકારનો સામનો કરવા માટે તમામ રાજકીય પક્ષો સાથે સર્વસંમતિપૂર્ણ ચર્ચા કરશે. તેમણે સર્વપક્ષીય બેઠક બોલાવવી જોઈએ અને થોડી સલાહ લેવી જોઈએ. આ રાજકારણ નથી અને અમે આ પરિસ્થિતિમાં રાજકારણ ઈચ્છતા નથી, તેમણે કહ્યું.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

**પ્રાસંગિક**

## ''શ્રીકૃષ્ણ શરણં મમ'' એ શ્લોકને વિશ્વમાં ગુંજતો કરનારાં મહાપ્રભુ વલ્લભાધિષની જય!



આજે ચૈત્રી વદ એકાદશી એટલે કે વરુથીની એકાદશી અને આ દિવસે વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો જન્મ થયો હોવાથી, તમામ પુષ્ટિ પંથના વૈશ્નવો માટે એક બહુ મોટાં ઉત્સવનો દિવસ છે, પરંતુ વલ્લભાચાર્ય મહાપ્રભુજી એ સ્થાપેલ આ પુષ્ટિ માર્ગ ક્યારે? અને શું કામ આટલો પ્રસારિત થયો? એમના જન્મની શું કથા છે! અને અન્ય સંપ્રદાયથી એ કંઈ રીતે જુદો પડે છે? એ વિશે આજે આપણે વાત કરીશું.

સૌ પ્રથમ તો શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનાં જન્મ વિશે જોઈએ. વિશ્વને વૈષ્ણવતાનો દિવ્ય સંદેશ આપનાર શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યનુ પ્રાક્ટય સં. ૧૫૩૫ ચૈત્ર વદી એકાદશીએ ગુરુવારે હાલના છત્તીસગઢ ચંપારણ્યમાં થયું હતું. આ જ દિવસે શ્રીજીબાવાનું મુખારવિંદ પ્રાક્ટય જતીપુરામાં વ્રજમાં ગિરિરાજ એટલે કે ગોવર્ધન પર્વત ઉપર વ્રજમાં થયું હતું. પ્રભુની કૃપા મેળવવાનો સરળ માર્ગ શ્રી વલ્લભે જગતને આપ્યો છે. આજે દેશભરમાં કરોડો વૈષ્ણવો પુષ્ટિ માર્ગમાં છે, અને શ્રી કૃષ્ણ શરણં મમ એ મંત્ર ચારેબાજુ ગુંજે છે. પાંચ વર્ષની નાની વયે જ ચાર વેદ, ઉપનિષદ અને છ દર્શનનો અભ્યાસ કર્યો હતો. એમના જન્મ સાથે એક વાત જોડાયેલી છે. તેમનો જન્મ એક વિદ્વાન ભારદ્વાજ ગોત્રી તેલંગ બ્રાહ્મણ લક્ષ્મણ ભટ્ટ શ્રી ઈલ્લમ્માગારુજીને ત્યાં ચંપારણ્યમાં વિક્રમ સંવત ૧૫૩૫ માં ચૈત્ર વદ એકાદશીને દિવસે થયો હતો. અધૂરા માસે જન્મ થતાં બાળક મૃતવત જણાતાં માતા-પિતા આઘાત સાથે બાળકને ખીજડાના વૃક્ષની બખોલમાં મૂકીને હિંસક પશુઓથી બચાવવા વૃક્ષની ફરતે અગ્નિ પ્રગટાવી જતાં રહ્યાં હતા. તેમણે બનારસમાં રહીને વેદ, વેદાંત, દર્શન, સૂત્રો, ધર્મશાસ્ત્ર, પુરાણો અને ઈતિહાસનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમણે સમગ્ર ભારતમાં પર્યટન કરીને પોતાના ધાર્મિક વિચારોનો પ્રચાર કર્યો. રામેશ્વરથી હરિદ્વાર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધીના તીર્થોમાં તેમણે ત્રણવાર પદ યાત્રા કરીને તેમણે પુષ્ટિમાર્ગનો પ્રચાર કર્યો. યાત્રા દરમિયાન તેમણે શ્રીમદ્ ભાગવતની કથા અને પારાયણ કર્યા. આજે એ સ્થળો 'બેઠક' તરીકે ઓળખાય છે.

પણ આપણને પ્રશ્ન થાય કે પુષ્ટિ માર્ગ કે સંપ્રદાય ની સ્થાપના શું કામ થઈ? તો ઈ. સ. પૂ. એક હજાર વર્ષ ઉપર જ્યારે વૈદિક યજ્ઞોમાં હિંસા સામે પ્રશ્નો ઊભો થયાં, ત્યારે વિષ્ણુનારાયણ તેમજ એમના વિવિધ અવતારોની અર્ચના-ઉપાસના-ષોડશોપચારપૂજાનો વૈષ્ણવમાર્ગ વિકસ્યો. પછી એની પરંપરામાં શ્રી રામાનુજાચાર્યનો 'શ્રીસંપ્રદાય' એટલે કે વેદાંત-સિદ્ધાંત કે જે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પર આધારિત સંપ્રદાય પણ શરૂ થયો. શ્રી વિષ્ણુસ્વામીનો 'ભક્તિસંપ્રદાય કે જે વેદાંત-સિદ્ધાંતથી પણ આગળ વધી માત્ર સિદ્ધી નહીં પણ 'શુદ્ધાદ્વૈત એટલે કે ભક્તની શુદ્ધિને મહત્વ આપતો સંપ્રદાય શરૂ થયો. શ્રી નિંબાર્કાચાર્યનો 'ભક્તિસંપ્રદાય તો વેદાંત-સિદ્ધાંતથી આગળ વધી દ્વૈતાદ્વૈત એટલે કે જે દ્વૈત છે એ જ અદ્વૈત છે, સાકાર થી નિરાકાર તરફની ગતિ કરાવતો સંપ્રદાય. શ્રી મધ્વાચાર્યનો ભક્તિસંપ્રદાય' વેદાંત સિદ્ધાંત કે જે માત્ર સાકાર અને સગુણ બ્રહ્મની ઉપાસના પર એટલે કે હું અને તું એમ દ્વૈત' અને એ સમયમાં શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો પુષ્ટિસંપ્રદાયનો અગિયારમી સદીથી પંદરમી સદી સુધીમાં વિકાસ થયો. બીજા ભક્તિસંપ્રદાયો 'સાધનમાર્ગ' કિંવા 'મર્યાદામાર્ગ' છે, પણ આ બધાં સંપ્રદાય અર્ચા-ઉપાસના-પૂજાના માર્ગ છે, જ્યારે શ્રી વલ્લભાચાર્યજીનો માર્ગ, 'નિઃસાધન માર્ગ' છે, એમાં એવી કોઈ આકરી તપશ્ચર્યા કે નિયમો નથી, જે સંસારી નિભાવી ન શકે. જોકે તે પણ નવધા ભક્તિને અનુસરતી સાધના પ્રણાલીનું જ આહવાન કરે છે. પરંતુ અંતમાં ભક્ત પુષ્ટ થતો થતો થતો એટલે પૂર્ણ પુષ્ટ કે પોષણ મેળવી એવમ કૃપા પ્રાપ્ત કરતો કરતો ભગવાન સાથે એકાકાર થઈ જાય છે, એટલે ભગવત તત્વને પામી જાય છે.

મહાપ્રભુ વલ્લભાચાર્યજી પર લખવું હતું તો જરા જોતી હતી, અને દ્વારકેશલાલજી નું પ્રવચન સાંભળ્યું. એમણે કહ્યું કે પરમાત્મા લૌકિક દુઃખ આપીને આપણો સંસાર પ્રત્યે અનાસક્તિ ભાવ જગાડે છે. ચિંતનનો જીવ અહીં પણ ચિંતન કર્યું, કે આનો અર્થ એમ થાય કે દુઃખથી ગભરાવું નહીં, બસ પરમાત્મા તરફથી આપણાં વૈરાગ્યની ભૂમિકા તૈયાર થાય છે, અને આપણે એની પર ચાલી એની સમિપે પહોંચવાનું છે. બીજું એમણે કહ્યું કે નિત્ય થતી પાઠ પૂજા એ ખેતર કે બાગ ફરતે કરાતી વાડ જેમ કાળથી આપણું રક્ષણ કરે છે, અને આપણને કળિયુગ એટલો સ્પર્શતો નથી! એમણે તો એ પુષ્ટિ માર્ગ માટે કહ્યું પણ ટૂંકમાં ઈશ્વર એક જ છે, એટલે ઈશ્વરના કોઈ પણ સ્વરૂપ માટે થતાં પાઠ પૂજા આપણું કાળથી રક્ષણ કરશે, અને કળિયુગથી દૂર રાખશે, તો જેટલું થાય એટલું હરિનામ સ્મરણ કે ભજન કરીએ. આમ તો અમારા ઘરે હિન્દુ શાંકર મત મુજબ પંચદેવની પૂજા છે, પણ શાલિગ્રામની જગ્યાએ બાલ કૃષ્ણનું લાલજી સ્વરૂપ છે, અને એને ઉઠાડવાથી શરું કરી સ્નાન શણગાર ભોજન કઢિયેલ દૂધ પીવડાવી પોઢાડવા સુધીની દૈનિક ભક્તિ થાય છે, એટલે તત્વતઃ શ્રીકૃષ્ણ પ્રેમાવતાર છે, અને એથી જીવ પુષ્ટ થાય છે એ સત્ય સમજાય છે.

ભારતીય સંસ્કૃતિ ઋષિ પરંપરા ધરાવે છે, અને એને અનુસરે છે, એટલે અહીં ધર્મ અને આધ્યાત્મ એ બંને એટલી હદે જોડાયેલ છે કે, એને કારણે ઈશ્વર પ્રાપ્તિ કે મોક્ષ પ્રાપ્તિ માટે સંન્યાસ એ જ સર્વોત્તમ માર્ગ છે, એવી એક માન્યતા એ સમયના સમાજમાં પ્રચલિત હતી. આ ઉપરાંત ત્યારે એ સમયના સમાજમાં મુસલમાનોનાં નવાબનું સામ્રાજ્ય હતું, અને હિન્દુ ઓની સ્ત્રીઓનું એમની બેરહમીથી ડરીને ઘરની બહાર નીકળવાનું બંધ કરી હતું! ત્યાં ધર્મ માટે મંદિર કે અન્ય યજ્ઞ યાગ થઈ શકતાં નહોતાં! અને ત્યારે વલ્લભાચાર્ય મહાપ્રભુજી એ પુષ્ટિ માર્ગને પ્રચલિત કર્યો, જેમાં ઘરમાં જ ઠાકોરજીની પૂજા અર્ચના કરી, પુષ્ટિ એટલે કે ભગવાન પ્રત્યેના ભાવનું પોષણ મેળવવાનું હતું! એટલે કે સંન્યાસનાં અદ્વૈત સિધ્ધાંતની બદલે તું અને હું એમ દ્વૈતનું અનુસંધાન કરવાનું હતું! પોતે જે કક્ષાએ છે ત્યાંથી જ તેને ઈશ્વર તત્વને પોકારવામાં પણ સરળતા રહેતી. ઉપરથી પોતાની જેવી જ જૈવિક ક્રિયાઓ કરતાં કરતાં એને ભજી એને મેળવવા ના હોય! એટલે અન્ય સંપ્રદાયમાં ઈશ્વર તત્વ વિશેની સમજ સહજ બને, જ્યારે પુષ્ટિ માર્ગમાં ભક્તિ કરનારો જીવ કે બ્રહ્મ સંબંધી જીવ ઘણો પુષ્ટ થાય છે, અથવા તો ઈશ્વરને પણ પોતાના વિશે વિચારતા કરી કૃપા પ્રાપ્ત કરીને એ ભગવાનને મેળવી લે છે, એનું સાનિધ્ય મહેસુસ કરે છે. ટૂંકમાં નિરાકાર ને નિર્ગુણ બ્રહ્મની વ્યાપકતા તો દરેક સમજી ન શકે, અને બની શકે એમાં બ્રહ્મ નિર્ગુણ હોવાથી નિરસતા પણ આવે! પણ આ રીતે દ્વૈતનું અનુસંધાન કરીએ, તો ભક્તિ રસને કારણે સાકાર અને સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર જીવ ઝડપથી કરી શકે છે, એટલે કે ભગવાન હોવાની વાતની એને પ્રતિતિ થાય છે, અને એ ભાવથી પુષ્ટ બને છે.

પુષ્ટિ માર્ગનાં સાધકો કે ભક્તો મૂળ જય શ્રીકૃષ્ણ અને શ્રી કૃષ્ણ શરણં મમ, કે ૐ નમો ભગવતે વાસુદેવાય! એટલે કે કૃષ્ણ કનૈયાની ભક્તિ કરનારા છે. પુષ્ટિ એટલે પ્રેમથી,સ્નેહથી,એકાગ્ર મનથી સતત ચિંતન કરતાં મનન કરતાં કરતાં ઈશ્વરને ભજવું,તેમની સેવા કરવી, આ પુષ્ટિ માર્ગનો ધર્મ અથવા પ્રેમ ભક્તિ કહેવાય છે.શ્રી મહાપ્રભુજીની આજ્ઞા મુજબ ઘરે રહીને શ્રી ગોકુલ નિવાસી શ્રીનાથજીની નિરંતર તન,મન,ધન અને હ્દયની ભાવભરી લાગણીથી સેવા કરીને પ્રભુને રિઝવવાં. આવી પ્રેમ ભક્તિ દ્વારા જ ઈશ્વરની કૃપા આપણાપર ઉતરે છે,અને સંસારના દરેક બંધનોથી આપણને છોડાવે છે. પુષ્ટિ ધર્મનાં ઈષ્ટદેવ શ્રીનાથજી છે, અને એમની માટે શ્રીનાથજી જ સર્વેસર્વા છે! તેમની કૃપા વગર જીવન અસાધ્ય અને અપૂર્ણ રહે છે. જ્યારે મનુષ્યનાં હ્દયમાં પુષ્ટિ ભાવ સિદ્ધ થઇ જાય છે, ત્યારે તે પરમ ભગવદીય વૈષ્ણવ બની જાય છે. જીવનમાં બીજાને સુખ આપવાનું ધ્યેયને જ પોતાનું સુખ માને છે, પરમાર્થમયી જીવન હોય છે. પુષ્ટિ ધર્મમાં પોતાનું સર્વ અર્પણ કરી દેવાની ભાવના મુખ્ય છે, અને તે જ સાચો પુષ્ટિ માર્ગી કહેવાય છે. તો આ છે દ્વૈતનું મહાત્મ્ય ગાતાં પુષ્ટિ સંપ્રદાયની કથા, તો બોલો શ્રીકૃષ્ણ શરણં મમ શ્લોકને વિશ્વમાં ગુંજતો કરનારા વલ્લભાધિષની જય!

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### લગ્નવાંચ્છુ યુવાનો એજન્ટો મારફત પરણવા જતાં બની જાય છે ઠગાઇનો ભોગ

# લૂંટેરી દૂલ્હનની જાળમાં ફસાયા વધુ બે શિકારઃ લાખોની ઠગાઇ

## એક યુવાનને એજન્ટ હમણા આવું કહીને ગયો, દૂલ્હને ચક્કરનું નાટક કરી તેને પાણી લેવા મોકલ્યો પછી એ પણ ગાયબ થઇઃ બીજા કિસ્સામાં લગ્નના છઠ્ઠા દિવસે કન્યા છૂઃ ટોળકી સામે નોંધાવાઇ ફરિયાદ

રાજકોટઃ લગ્નવાંચ્છુઓને છેતરતી લૂંટેરી દૂલ્હન ટોળકીના વધુ બે કિસ્સા સામે આવ્યા છે. જેમાંએક યુવાન પાસેથી દલાલે પચાસ હજાર લઇ લીધા હતા અને લગ્ન કરાવ્યા હતાં. પરંતુ દુલ્હન ત્રણ લાખ લઇ ભાગી છુટી હતી. દલાલ હમણા આવુ કહીને નીકળી ગયો હતો અને કન્યા પોતાને ચક્કર આવે છે કહી પતિને પાણી લેવા મોકલી ગાયબ થઇ ગઇ હતી. બીજા કિસ્સામાં એક યુવાનને એક લાખનો ચૂનો યુવતિ અને તેના સાગરીતો લગાડી ગયા હતાં.

અનેક એવા યુવાનો હોય છે જેના લગ્ન તેમના સમાજ, કુટુંબમાં થતાં હોતા નથી. આવા યુવાનો એજન્ટો મારફત બહારના પ્રાંતની કન્યાઓ સાથે પૈસા આપીને પરણતાં હોય છે. અનેક એવી કન્યાઓ છે જે સુખેથી સંસાર ચલાવી રહી છે. પરંતુ અમુક ટોળકી લગ્નના નામે ફ્રોડ આચરી રહી છે. બે નવા કિસ્સા બન્યા તેમાં પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદનો યુવાન ભોગ બન્યો છે. લૂંટેરી દુલ્હન દ્વારા લગ્નનું નાટક કરીને રૃપિયા પડાવાનો વધુ એક કિસ્સો -કાશમાં આવ્યો નિકોલના યુવક સાથે લગ્નનું નાટક કરીને દલાલ અને યુવતી યુવક પાસેથી ટુકડે ટુકડે રૂપિયા ત્રણ લાખ પડાવીને લગ્નના જ બીજા દિવસે નાસી ગયા હતા. જેમાં લગ્નના બીજા દિવસે દલાલે ખરીદી કરવાના બહાને પતિ અને પત્નીને અમરાઇવાડી બોલાવ્યા હતા અને દલાલ રૃપિયા લઇને આંગડિયું કરવાના બહાને જતો રહ્યો હતો જ્યારે યુવતીએ ચક્કર આવતા હોવાનું બહાનું બતાવીને પતિને પાણી લેવા મોકલીને કન્યા દલાલ સાથે ભાગી ગઇ હતી. આ બનાવ અંગે કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે જણાવ્યા મુજબ નિકોલમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા યુવકે કૃષ્ણનનગર પોલીસ સ્ટેશનમાં સુરતના ભરતભાઇ અને ઔરંગાબાદની યુવતી સામે ફરિયાદ નોંધાવી છે કે યુવકના આઠ વર્ષ પહેલા છૂટાછેડા થયા હતા. ચાર મહિના પહેલા મામાના પરિચીત વ્યક્તિ સુરતના આરોપી સાથે વાત થતાં તેણે તેની ધરમની બહેન કુવારી હોવાથી યુવક સાથે લગ્નની વાત કરી હતી.




કન્યા ગરીબ ઘરની હોવાથી રૂપિયા ૧.૧૬ લાખ આપીને લગ્ન કરવા માટે યુવકે તૈયારી બતાવી હતી. જેને લઇને દલાલ આરોપીએ લગ્નના બહાને બહાના અલગ અલગ કાઢીને ટુકડે ટુકડે રૂપિયા પડાવવાની શરૂઆત કરીને નિકોલ ખાતે હિન્દુ શાસ્ત્રોક્ત વિધીથી લગ્ન કર્યા હતા અને બીજા દિવસે દલાલે કન્યાના પિયરમાં જમણવારના બહાને રૂપિયા ૫૦ હજાર આપવાની વાત કરીને અમરાઇવાડી બોલાવ્યા હતા. અને દલાલ રૂપિયા લઇને આંગડિયું કરવાના બહાને જતો રહ્યો હતો જ્યારે યુવતીએ ચક્કર આવતા હોવાનું બહાનું બતાવીને પતિને પાણી લેવા મોકલીને કન્યા દલાલ સાથે ભાગી ગઇ હતી. ટુકડે ટુકડે યુવક પાસેથી રૂપિયા ત્રણ લાખ પડાવ્યા હતા. આ ઘટના અંગે કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવમાં નડીયાદના કપડવંજ પંથકમાં લગ્ન કરવા જતાં એક યુવક છેતરપિંડીનો શિકાર બન્યો છે.

અમદાવાદની યુવતી અને અન્ય લોકોએ નાણાં પડાવી ઘરેણા મેળવી લગ્ન કરી છુમંતર થતા સમગ્ર મામલે યુવાને કપડવંજ ગ્રામ્ય પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તાલુકાના પથોડા ગામે બિહોલાવાસ વિસ્તારમાં પાંત્રીસ વર્ષીય યુવક છે. તેઓ અપરણિત હોય યુવતીની શોધમાં હતા. દરમિયાન કપડવંજ તાલુકાના કરસનજીના મુવાડા ગામે રહેતા નટુ બાબર પરમારના સંપર્કમાં આવ્યા હતા. આ નટુએ યુવકને જણાવ્યું કે, મારી સાસરીમાં મુકેશ ભીખા ચૌહાણ (રહે.આબલીયારા, તા.બાયડ) છે. જેમની ભત્રીજી છે જો લગ્ન કરવા હોય તો વાત કરીએ કહેતાં યુવક લગ્ન કરવા ઈચ્છતા હોય તેમણે હા પાડી હતી.

ત્યારબાદ આ નટુ પરમારે મુકેશ સાથે વાત કરી તમામને ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે નહેરુ ચોકડીએ મીટીંગ કરી હતી. જ્યાં લગ્ન કરવા ઈચ્છતા યુવક અને આ મુકેશની ભત્રીજી રશ્મી ઉર્ફે આરતી મુક્તિરામ સાધુ પણ હાજર હતી. આ ઉપરાંત અહીંયા આ રશ્મી ઉર્ફે આરતીનો ભાઈ રવિ પણ હાજર હતો. યુવક અને યુવતી એકબીજાને પસંદ કરતા લગ્નની વાત થઈ હતી. જેમાં આ મુકેશ અને રવિએ લગ્ન કરાવી આપવાના બદલામાં રૂપિયા ૯૦ હજાર થશે અને ૯૦ હજારમાં ડીલ નક્કી થઈ હતી. જેમાં યુવકના પિતાએ રૂપિયા ૫૫ હજાર રોકડા આપી દીધા હતા અને બીજા લગ્ન બાદનો વાયદો નક્કી થયો હતો. એ પછી લગ્ન નક્કી થયા અને કપડવંજ તાલુકાના ઘડીયા ગામે ફુલહાર વીધી કરી બંનેએ લગ્ન કરી લીધા હતા.

આ સમયે વાયદા મુજબના નાણાં પણ યુવકના પિતાએ આપી દીધા હતા. તો બીજી તરફ યુવકના પરિવાર તરફથી સોના, ચાંદીના દાગીના પણ આપવામાં આવ્યા હતા.

બાદમાં બીજા દિવસે આ મુકેશે યુવકને ફોન કરી જણાવેલ કે રશ્મી ઉર્ફે આરતીની મુકી જાવ અને બે દિવસ પછી તેડી જજો, જેથી યુવક પોતાની પત્નિ રશ્મી ઉર્ફે આરતીને મુકવા માટે આવ્યો હતો અને બે દિવસ બાદ ફોન કરતા આ મુકેશે જણાવેલ કે, તે હાલ બીમાર છે તે બાદ આ રશ્મી ઉર્ફે આરતીએ ફોન ઉપાડવાનું ટાળ્યું હતું. આથી પાંચ દિવસ બાદ ગામમાં તેડવા જતાં મુકેશ કે રશ્મિ હાજર નહોતા અને તપાસ કરતા આ બંને લોકો બીજી જગ્યાએ રહેતા હોવાની માહિતી મળી હતી.

આ ઉપરાંત આ બંને લોકો કાકા ભત્રીજીનો સંબંધ ધરાવતા પણ નહોવાની અને બંને લોકો લગ્નની લાલચ આપી લોકોને ફસાવતા હોવાની માહિતી મળી હતી. આ વચ્ચે યુવકે આ રશ્મી ઉર્ફે આરતીને ફોન કરતા તેણે જણાવ્યું કે હું તમારા ઘરે આવવાની નથી અને તમારાથી થાય તે કરી લેજો.

જેથી યુવાને મુકેશ ભીખા ચૌહાણ, નટુ બાબર પરમાર , રશ્મિ ઉર્ફે આરતી મુક્તિરામ સાધુ અને રવિ વિરૂધ્ધ ફરિયાદ કરી હતી. આમ વધુ બે યુવાન લૂંટેરી દૂલ્હનનો શિકાર બની ગયા હતાં.

### વાનસ પરિવારે દોઢ કલાક સુધી લીધી તાજમહેલની મુલાકાત

# તાજમહેલ ખરેખર અદ્ભૂત છે : વાનસ

નવીદિલ્હી, તા. ૨૩



અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે તેમની પત્ની ઉષા અને બાળકો સાથે તાજમહેલની મુલાકાત લીધી. જેડી વાન્સે તેમના પરિવાર સાથે લગભગ દોઢ કલાક સુધી પ્રેમના મકાનની મુલાકાત લીધી. આ દરમિયાન તેમણે વિઝિટર બુકમાં લખ્યું કે તાજમહેલ ખરેખર અદ્ભુત છે. તાજમહેલ સંકુલમાં પહોંચતાની સાથે જ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સના ચહેરા પર એક અલગ જ સ્મિત જોવા મળ્યું. જાણે તે તાજમહેલની સુંદરતાનું શબ્દોમાં વર્ણન કરી શકતો ન હોય. આ સમય દરમિયાન, તેમણે તેમની પત્ની અને બાળકો સાથે ફોટા પડાવ્યા.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ખેરિયા એરપોર્ટ પર તેમનું ફૂલોનો ગુલદસ્તો આપીને સ્વાગત કર્યું. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ તેમની પત્ની ઉષા અને બાળકો સાથે સમયસર ખેરિયા એરપોર્ટ પહોંચ્યા. ઉપરાષ્ટ્રપતિના અહીંથી તાજમહેલ જવાના રૂટ પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સ્ટેજ પણ શણગારવામાં આવ્યા હતા. જોકે, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ શોકના ચિહ્ન તરીકે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું ન હતું. જ્યારે ઉપરાષ્ટ્રપતિનો કાફલો એરપોર્ટથી નીકળ્યો, ત્યારે બાળકોએ ભારત અને અમેરિકાના ધ્વજ લહેરાવીને તેમનું સ્વાગત કર્યું.

ભારતની પહેલી મુલાકાતે આવેલા અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સને રાજ્ય મહેમાનનો દરજ્જો આપવામાં આવ્યો છે. તેથી, મુખ્યમંત્રી યોગીએ પોતે એરપોર્ટ પર તેમનું સ્વાગત અને સન્માન કર્યું. તમને જણાવી દઈએ કે અમેરિકન સુરક્ષા એજન્સીઓ ત્રણ દિવસથી આગ્રામાં ધામા નાખી રહી છે. એરપોર્ટથી શિલ્પગ્રામ થઈને તાજમહેલ લગભગ ૧૨ કિમી દૂર છે. રસ્તા પર કડક સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. ઉપરાષ્ટ્રપતિનો કાફલો જે રૂટ પરથી પસાર થવાનો હતો ત્યાં ટ્રાફિક શૂન્ય હતો. પોલીસ અને વહીવટી અધિકારીઓ મંગળવાર રાત સુધી તૈયારીઓમાં વ્યસ્ત રહ્યા. અધિકારીઓએ તૈયારીઓનું રિહર્સલ પણ કર્યું.

જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશ મુજબ, બુધવારે બધી શાળાઓ બંધ રહી.

નોંધનીય છે કે, પહેલગામ હુમલો આતંકવાદીઓ દ્વારા વારંવાર ઉપયોગમાં લેવાતી પેટર્નને અનુસરે છે - જ્યારે કોઈ વિદેશી નેતા દેશની મુલાકાતે હોય ત્યારે નાગરિકો પર હુમલો કરવો. હકીકતમાં, પહેલગામ હુમલો ત્યારે થયો જ્યારે યુનાઇટેડ સ્ટેટ્સના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ તેમની ચાર દિવસની ભારત મુલાકાતના ભાગ રૂપે જયપુરમાં હતા. આ મુલાકાત માટે વહીવટીતંત્રે કડક સુરક્ષા વ્યવસ્થા કરી હતી અને એરપોર્ટથી શિલ્પગ્રામ થઈને તાજમહેલ સુધીના ૧૨ કિમીના માર્ગ પર ભારે સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાષ્ટ્રપતિના કાફલાની અવરજવર દરમિયાન આગ્રામાં ત્રણ દિવસ અગાઉથી અમેરિકી સુરક્ષા એજન્સીઓને તૈનાત કરવામાં આવી હતી અને સમગ્ર રૂટને શૂન્ય ટ્રાફિક ઝોન જાહેર કરવામાં આવ્યો હતો.

# આતંકી હુમલા બાદ કાશ્મીર બુકિંગ રદ

## શ્રીનગર અને આસપાસના વિસ્તારો માટે ૧૦,૦૦૦ થી વધુ મુસાફરી બુકિંગ રદ કરવામાં આવ્યા

નવીદિલ્હી, તા. ૨૩

પહેલગામમાં થયેલી હૃદયદ્રાવક ઘટના, જેમાં આતંકવાદીઓ દ્વારા ૨૬ પ્રવાસીઓના મોત થયા હતા, તે પછી ભારતના પ્રવાસન ક્ષેત્રમાં નાટકીય પરિવર્તન જોવા મળી રહ્યું છે. ટ્રાવેલ ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, કાશ્મીર માટે ઉનાળાની ઋતુ ઘણી સારી રહેવાની અપેક્ષા હતી, પરંતુ હવે તે કટોકટીમાં ફેરવાઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં શ્રીનગર અને આસપાસના વિસ્તારો માટે ૧૦,૦૦૦ થી વધુ મુસાફરી બુકિંગ રદ કરવામાં આવ્યા છે. પ્રવાસીઓ તેમની યોજનાઓ પર પુનર્વિચાર કરી રહ્યા છે, હિમાચલ પ્રદેશ એક સલામત અને વિશ્વસનીય વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે, જેના કારણે શિમલા, મનાલી અને ધર્મશાલા જેવા હિલ સ્ટેશનો પર પૂછપરછ અને બુકિંગમાં નોંધપાત્ર વધારો થયો છે. હિમાચલના મુખ્ય શહેરોમાં સ્થાનિક હોટેલિયર્સ અને ટૂર ઓપરેટરોએ પ્રવૃત્તિમાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો છે. મનાલીના એક ટ્રાવેલ એજન્ટે જણાવ્યું હતું કે,



''ગઈ સાંજથી અમને સેંકડો નવી ઓનલાઈન પૂછપરછ મળી છે, જેમાંથી ઘણી મુલાકાતીઓ શ્રીનગરની મુલાકાત લેવાનું આયોજન કરનારા પ્રવાસીઓની હતી.'' પહેલગામ દુર્ઘટનાને ''અત્યંત દુર્ભાગ્યપૂર્ણ અને અમાનવીય'' ગણાવતા તેમણે કહ્યું કે પ્રવાસીઓ તેમની રજાઓ રદ કરતા નથી પરંતુ તેમનો માર્ગ બદલી નાખે છે. અને હવે, એ સ્પષ્ટ છે કે જો તેઓ પર્વતો તરફ જઈ રહ્યા છે, તો તેઓ કાં તો હિમાચલ અથવા ઉત્તરાખંડ જશે.

ખીણમાં અલગતાવાદી હડતાળના એલાનથી મુક્ત ઘટના-મુક્ત પરિસ્થિતિ પર આધાર રાખનારા પ્રવાસન હિસ્સેદારો કહે છે કે પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાએ સમૃદ્ધ ઉદ્યોગને ફટકો આપ્યો છે, જેમાંથી બહાર આવવામાં વર્ષો લાગશે. તેમનો દલીલ છે કે ભારતમાં ગરમીના કાળઝાળ પ્રકોપ દરમિયાન પ્રવાસીઓમાં સૌથી વધુ પસંદગીના પર્યટન સ્થળોમાંના એક એવા પહેલગામમાં થયેલા હુમલાએ દેશભરના મુલાકાતીઓને નકારાત્મક સંદેશ આપ્યો છે. પહેલગામ અમરનાથ યાત્રાનું મુખ્ય મથક પણ છે, અને જૂનમાં શરૂ થતી આ યાત્રા, જેના માટે યાત્રાળુઓએ નોંધણી શરૂ કરી દીધી છે, તે હુમલાથી પ્રભાવિત થવાની સંભાવના છે. હુમલા બાદ શ્રીનગરની એક હોટલ પહોંચેલા ૪૦ પ્રવાસીઓના જૂથે જણાવ્યું હતું કે તેઓ પોતાની સલામતી અંગે ચિંતિત હતા અને ડરના કારણે તેમાંથી છ આજે સવારે કર્ણાટકના બેંગલુરુ પાછા ફર્યા છે. કેટલાક ટૂર ઓપરેટરો આશાવાદી છે કે જો સરકાર તેને સારી રીતે સંભાળે તો ''તાત્કાલિક રિકવરી'' થઈ શકે છે. ટૂર ઓપરેટર સજ્જાદ અહેમદે જણાવ્યું હતું કે જો સરકાર પરિસ્થિતિને વધુ સારી રીતે સંભાળે તો જૂનમાં અમરનાથ યાત્રા શરૂ થાય ત્યારે બધું ઠીક થઈ શકે છે. ભૂતપૂર્વ મંત્રી અને ધારાસભ્ય સજ્જાદ લોનએ જણાવ્યું હતું કે હુમલાને કારણે પ્રવાસન ઉદ્યોગને નુકસાન થયું છે. આ આતંકવાદી હુમલાઓનો ઉદ્દેશ્ય ફરી એકવાર આપણને આર્થિક રીતે નબળા પાડવાનો છે.

# બજેટમાં લીધેલા કામોની અમલવારી ઝડપી કરવા સ્ટેન્ડિંગ ચેરમેનનો આદેશ

રાજકોટ, તા. ૨૩

મહાનગરપાલિકા દ્વારા જે નવા વર્ષનું બજેટ જે રજૂ કરવામાં આવ્યું તેને લઈને સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ગઈકાલે એ ખાસ બેઠક મળી હતી જેમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દ્વારા તમામ અધિકારીઓને બોલાવવામાં આવ્યા હતા અને ખાસ તો બજેટને લઈને જે જોગવાઈઓ કરવામાં આવી છે તે

કામગીરી ક્યાં પહોંચી તેનો અભ્યાસ કર્યો હતો અને તે અંગે સંપૂર્ણ માહિતી મેળવી હતી. હાલ જે ચિત્ર સામે આવી રહ્યું છે તેને ધ્યાને લઈ એ વાત સ્પષ્ટ છે કે આગામી દિવસોમાં પણ આ પ્રકારની રીવ્યુ બેઠક મળતી રહેશે પરંતુ તજજ્ઞોના મતે વાત મહત્વની એ છે કે જ્યારે યોગ્ય કામગીરી કરવામાં આવે અને ત્યારબાદ બેઠક મળતી હોય તો તે લેખે લાગે . હાલ માત્ર બેઠક કરવાથી કામગીરી કેવી રીતે થશે તેનો તાગ મેળવી શકાય નહીં.



## બજેટ અમલવારી અંગે યોજાઇ યોજાઈ સમીક્ષા બેઠક : આગામી દિવસોમાં પણ બેઠક ફરી મળશે : કામગીરી ક્યાં પહોંચી છે કામ કેટલું થયું છે ન થયું હોય તો શું કારણ આ તમામ મુદ્દાઓ પર હાથ ધરવામાં આવી ચર્ચા

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે તેમજ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ સ્ટ્રે. કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ. આ બજેટના અનુસંધાને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા આજરોજ તમામ લગત શાખાધિકારીઓ સાથે બજેટની અમલવારીના સ્ટેટસ રીવ્યુ અંગે મીટીંગ કરવામાં આવેલ. આ મિટીંગમાં તમામ નાયબ કમિશનર, સીટી એન્જીનીયરઓ, તથા લગત અધિકારીઓ સાથે બજેટમાં મંજૂર થયેલ તથા બજેટમાં સૂચવેલા કામો હાલ કયા તબક્કે છે, તથા કયા કામો કઈ સમય મર્યાદામાં પૂર્ણ થશે, જે અંગે સ્ટ્રે કમિટી ચેરમેન દ્વારા વિસ્તૃત માહિતી મેળવવામાં આવી હતી. આ બેઠકમાં અધ્યક્ષસ્થાને માન.મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ. આ બેઠકમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઇ રાડીયા હાજર રહ્યા હતા.

તેમજ નાયબ કમિશનર, ચીફ એકાઉન્ટન્ટ, મ્યુનિ.સેક્રેટરી, ડેપ્યુટી સેક્રેટરી, પી.એસ. ટુ ચેરમેન, તથા સંલગ્ન વિભાગના શાખા અધિકારીઓ ટી.પી. ઓ., સીટી એન્જીનીયરઓ, આરોગ્ય અધિકારી, પર્યાવરણ ઇજનેર, લગત મેનેજર, એ.ટી.પી.ઓ, ડેપ્યુટી એન્જીનીયરઓ સહિતના અધિકારીઓએ હાજર રહી બજેટ યોજનાના અમલિકરણ સંદર્ભે વિસ્તૃત માહિતી રજુ કરેલ હતી. સ્ટ્રેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર દ્વારા આવનારા દિવસોમાં પણ બજેટમાં મંજૂર થયેલ કામોની સમીક્ષા તથા બજેટમાં ઉમેરવામાં આવેલ નવી યોજનાઓનું સમયબધ્ધ અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવા માટે લગત અધિકારીઓ સાથે બજેટ યોજના અન્વયે કરેલ કામગીરી અંગે સમયાંતરે બેઠક કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# ચેતનભાઇ પાણનો ઉજવાયો જન્મદિવસ



**તાલુકા પંચાયત રાજકોટના ત્રણ ટર્મથી સદસ્ય તરિકે ફરજ બજાવતા અને સરધાર સહકાર ગ્રામ વિકાસ યુવકમંડળના પ્રમુખ ચેતભાઇ પાણે જીવનના સફળતા પુર્વક ૪૧ વર્ષ પુર્ણ કર્યા,સરકારની વિવિધ યોજનાઓનો લાભ સરધારના લોકોને મળી રહે તે માટે ચેતનભાઇ પાણ દ્વારા અથાગ મહેનત અને પરિશ્રમ કરવામાં આવ્યો હતો અને તેઓ હરહંમેશ સરધારના લોકોની વ્હારે ઉભા રહેતા હોય છે. તેમના જન્મદિન નિમિતે ચોમેર શુભકામનાઓ મળી હતી.**

### બટાઝટી બોલાવવી છે તેને કોઇપણ નાના મોટા કારણો કાફી હોય છેઃ વધુ બે ઘટના

# નોકરીએ મોડા આવનારને ટપારતાં સુપરવાઇઝરને છરીના ઘા

## હનુમાન મઢી સામે તિરૂપતી સોસાયટીમાં કેન્સર હોસ્પિટલ પાસે ઘટનાઃ ગાંધીગ્રામ પોલીસે દાખલ કરી FIR: બીજા બનાવમાં પુનિતનગરમાં પ્રૌઢ પર ધોકાવાળી થઇ

રાજકોટઃ બટાઝટી બોલાવવી હોય એને કોઇપણ નાનુ મોટુ કારણ મળી જાય એટલે ઘણું થઇ જતું હોય છે. એક કિસ્સામાં શહેરના રૈયા રોડ હનુમાન મઢી પાસે આવેલી નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં હાઉસકિંપીંગ સુપરવાઇઝર તરીકે નોકરી કરતાં મુળ બાબરાના ખંભાળાના યુવાન પર તેના જ અન્ડરમાં નોકરી કરતાં એક કર્મચારીએ ગાળો દઇ, ફોનમાં ધમકીઓ દઇ છેલ્લે હોસ્પિટલ નજીક આ યુવાન પાનની કેબીન પાસે ઉભો હતો ત્યારે ત્યારે ત્યાં ટુવ્હીલર પર આવી છરીથી હુમલો કરી દીધો હતો. આ કારણે સુપરવાઇઝરને સારવાર માટે જવું પડ્યું હતું. પોલીસે આ હુમલા બારામાં એફઆઇઆર દાખલ કરી હુમલાખોરને ઝડપી લેવા કાર્યવાહી શરૂ કરી હતી. બીજા બનાવમાં ગોંડલ રોડ ચોકડીના એક પ્રૌઢ પર પુનિતનગરમાં ધોકાવાળી થઇ હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો ગાંધીગ્રામ પોલીસે રૈયા રોડ કોમ્યુનિટી હોલ પાછળ જય સોમનાથ સોસાયટી તુલસી પાર્ક-૧૧માં રહેતાં મુળ અમરેલીના બાબરા તાબેના ખંભાળા ગામના ભાવીનભાઇ મનસુખભાઇ મકવાણા નામના છવ્વીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી આંબેડકરનગરમાં રહેતાં ચિરાગ પ્રવિણભાઇ સોલંકી વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. ભાવીનભાઇએ જણાવ્યું છે કે હું હાલ રાજકોટ રહી નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં હાઉસકિપીંગ સ્ટાફના સુપરવાઇઝર તરીકે નોકરી કરુ છું. એકવીસ એપ્રીલના રોજ મારે હોસ્પિટલમાં નાઇટ ડ્યુટી હોવાથી સાંજે આઠ વાગ્યે હોસ્પિટલે હતો. આ વખતે હાઉસકિપીંગ સ્ટાફનો કર્મચારી ચિરાગ સોંકી કામ પર મોડો આવતાં મેં તેને ઠપકો આપ્યો હતો અને કહ્યું હતું કે તારે સમયસર કામ પર આવી જવું. આ કારણે ચિરાગ ઉશ્કેરાઇ ગયો હતો અને મારી સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો.



ભાવીનભાઇએ આગળ જણાવ્યું હતું કે ચિરાગે મને તેણે નીચે આવવા કહ્યું હતું પરંતુ હું નીચે ગયો નહોતો. આ પછી ચિરાગે મને ફોન કરી ગાળો દીધી હતી. જેથી મેં અમારા ફિલ્ડ ઓફિસર લલીતભાઇ શુકલા અને ઓપરેશન મેનેજર રવિભાઇ સરવૈયાને આ બાબતની જાણ કરી હતી. આ પછી સાગરભાઇ શુક્લાએ ચિરાગને સમજાવતાં તે વખતે તે જતો રહ્યો હતો. બીજા દિવસે મંગળવારે ૨૨મીએ ફરીથી ચિરાગે મને અવાર-નવાર ફોન કરવાનું ચાલુ કર્યુ હતું અને ગાળો દેવા માંડ્યો હતો. તેમજ ધાકધમકી આપતાં મેં કોલ રેકોર્ડ કરી લીધા હતાં.

એ પછી મેં તેનો નંબર બ્લોક કરી દીધો હતો. ત્યારબાદ સાંજે સાતેક વાગ્યે હું સાગરભાઇ શુક્લા સાથે નોકરી પુરી કરી હોસ્પિટલ નજીક આવેલી પાનની કેબીને ફાકી ખાવા ઉભો હતો ત્યારે ચિરાગ સોલંકી સફેદ રંગનું એક્સેસ ટુવ્હીલર લઇને આવ્યો હતો અને મારો કાંઠલો પકડી ગાળો દીધી હતી.

આ વખતે સાગરભાઇએ મને બચાવી લીધો હતો. આમ છતાં ચિરાગે પોતાના ટુવ્હીલરમાં પગ રાખવાની જગ્યાએ રાખેલી છરી ઉપાડી મને સાથળમાં એક ઘા મારી દીધો હતો અને ભાગી ગયો હતો. આથી મને સારવાર માટે સાગરભાઇ લઇ ગયા હતાં. મેં ચિરાગને નોકરીએ સમયસર આવવાનું કહેતાં ખાર રાખી મારા પર હુમલો કર્યો હતો. તેમ વધુમાં ભાવીનભાઇએ કહેતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પી. બી. પટેલે ગુનો નોંધી હુમલો કરનારને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

મારામારીના અન્ય એક બનાવમાં ગોંડલ રોડ ચોકડીએ વેન્યુ શો રૂમ પાછળ રહેતાં રિક્ષાચાલક નિલેષભાઇ બાબુલાલ ચૌહાણ નામના ત્રેપન વર્ષના પ્રૌઢ ઘર નજીક પુનીતનગર પાણીના ટાંકા પાછળ આટો મારવા ગયા ત્યારે મોહિત નામના શખ્સે અહિ કેમ આવ્યા?

અમે કહી એમ કરો તેવું કહી ગાળો દેતાં ગાળો બોલવાની ના પાડતાં તેણે ઉશ્કેરાઇ જઇ ધોકાથી માર મારતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી.

# PCBની વિદેશી દારૂના ધંધાર્થીઓ પર ધોંસ જથ્થા સાથે બે પકડાયા, બેના નામ ખુલ્યા

### આજીડેમથી યાર્ડ તરફના સર્વિસ રોડ પરથી દારૂ ભરેલી રિક્ષા અને માજોઠીનગરમાં ઘરમાંથી જથ્થો પકડી લેવામાં સફળતા







રાજકોટઃ દેશી, વિદેશી દારૂની બદ્દીને નાબુદ કરવા પીસીબીની ટીમો ખાસ ઝુંબેશ ચલાવી રહી છે. ગઇકાલે દેશીના ધંધાર્થીઓ પર ધોંસ બોલાવ્યા બાદ આજે વિદેશી દારૂની હેરાફેરી કરનારા બે જણાને ઝપટે લઇ લીધા છે. પુછપરછમાં બીજા બે સપ્લાયરોના નામ પણ સામે આવી જતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

પીસીબીની ટીમો પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ મહિપાલસિંહ ઝાલા, હેડકોન્સ. ઘનશ્યામસિંહ ચૌહાણ, હરદેવસિંહ રાણાને મળેલી બાતમી પરથી આજીડેમ ચોકડીથી માર્કેટીંગ યાર્ડ જવાના રસ્તે સર્વિસ રોડ પર કોહીનુર સર્વિસ સ્ટેશન પાસે જીજે૦૩બીટી-૯૪૦૨ નંબરની રિક્ષા આંતરી લેવાઇ હતી. તેમાં ડેનીમ-30 ઓરેન્જ વોડકાની રૂા. ૯૬૦૦ની ૨૪ બોટલો, ગ્રીન એપલ વોડકાની રૂા. ૧૯૨૦૦ની ૪૮ બોટલો મળી રૂા. ૨૮૮૦૦નો ૭૨ બોટલ દારૂ મળતાં તે તથા રિક્ષા કબ્જે કરી જંગલેશ્વર શેરી નં. ૨૫માં રહેતાં સતાર કાદરભાઇ ફકીરની ધરપકડ કરી હતી. પુછતાછમાં તેણે કાલાવડ રોડ પર રહેતાં અરબાઝનું નામ આપતાં શોધખોળ થઇ રહી છે.

જ્યારે પીસીબીએ બીજા દરોડો ઘરમાં પાડ્યો હતો. હેડકોન્સ. વિજયભાઇ મેતા, કુલદીપસિંહ જાડેજા, યુવરાજસિંહ રાણાની બાતમી પરથી દુધ સાગર રોડ માજોઠીનગર મેઇન રોડ ભારત ટાયર પંચર નામની બાજુમાં આવેલા મકાનમાં દરોડો પાડી ઇમરાન દિલાવરભાઇ ફુલાણીને રૂા. ૩૦૯૫૮ના ૪૬ બોટલ દારૂ સાથે પકડી લેવાયો હતો. તેની પુછતાછમાં ગુ. હા.બોર્ડ ક્વાર્ટર પાસે નયુ શક્તિ સોસાયટીમાં રહેતાં રવિ કિશોરભાઇ મકવાણાનું નામ ખુલ્યું હતું. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. જે. હુણ, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદિપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, રાહુલગીરી ગોસ્વામી, ગિરીરાજસિંહ જાડેજા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી અને હિરેન્દ્રસિંહ પરમારે આ બંને કામગીરી કરી હતી. ઝડપાયેલાઓની પુછપરછમાં બીજા બે જણાના નામ સામે આવ્યા હોઇ તે પકડાયા બાદ વધુ વિગતો ખુલશે.

# વધુ એક સગીરાનું અપહરણ થયુંઃ નોકરીએ ગઇ પછી ગાયબ

### રાજકોટ શહેરમાં સમયાંતરે સગીરાઓ, સગીરો ગાયબ થઇ જવાની ઘટનાઃ અમુકમાં તેઓ જાતે જ નીકળી ગયાનું કે પ્રેમી-મિત્રો સાથે જતાં રહ્યાનું આવતું હોય છે સામે

રાજકોટઃ શહેરમાંથી બાળાઓ, સગીરાઓ ગૂમ થઇ જવાની કે તેના અપહરણ થઇ જવાની ઘટનાઓ વધી ગઇ છે. ગઇકાલે જ બસ સ્ટેશન પાછળથી એક સગીર છોકરો ગૂમ થઇ જતાં તેના પિતાએ અપહરણની ફરિયાદ દાખલ કરાવી હતી. ત્યાં હવે એક સગીરાનું અપહરણ થઇ ગયું છે. દોઢસો ફુટ રીંગ રોડ પર ભારતનગર વિસ્તારમાં રહેતી સત્તર વર્ષની સગીરા નોકરીએ ગયા બાદ ગૂમ થતાં તાલુકા પોલીસે એફઆઇઆર દાખલ કરી છે.વિગતો પર નજર કરીએ તો રિક્ષા ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં આધેડે આ બારામાં તાલુકા પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી છે તેણે જણાવ્યું હતું કે મારે ચાર સંતાન છે જેમાં એક દિકરી સત્તર વર્ષ છ મહિનાની વયની છે. આ દિકરી વાવડી વિસ્તારમાં આવેલા કારખાનામાં કામ કરવા જતી હતી. ગત ૨૧/૪/૨૫ના રોજ તે નિત્યક્રમ મુજબ સવારે નોકરીએ ગઇ હતી. સાંજે સાડા સાતેક વાગ્યે તે છુટીને દરરોજ ઘરે આવી જતી હતી. પરંતુ એ દિવસે તે ઘરે ન આવતાં મારા પત્નિ અને પડોશીએ શોધખોળ શરૂ કરી હતી. આ પછી અમે દિકરી જ્યાં કામ કરતી હતી તે સ્થળે જઇ તપાસ કરતાં ત્યાંથી જણાવાયેલુ કે આજે સવારથી જ તે કામે આવી નથી. તેણીનો ફોન પણ સ્વીચઓફ આવતો હતો. શોધખોળ કરવા છતાં પત્તો ન મળતાં પોલીસને જાણ કરી હતી. તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી. એમ. હરિપરાના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. નિલેષભાઇ ચાવડાએ ગૂમ થનાર સગીર વયની હોઇ અપહરણનો ગુનો દાખલ કર્યો હતો. સીસીટીવી ફૂટેજ, મોબાઇલ ફોનને આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.



### NO Drugs In Rajkot

# મેફેડ્રોનના જથ્થા સાથે મુસ્તાક શેખને પકડતી SOG

### SOGના નારકોટિક્સ સેલ દ્વારા હાથ ધરવામાં આવી કાર્યવાહી ૧૭.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત



રાજકોટ, તા. ૨૩

રાજકોટ શહેર અને જિલ્લામાં નાર્કોટિક્સ પદાર્થનું વેચાણ અટકાવવા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ત્યારે શહેરના યુવાનો નશા ના રવાડે ન ચડે તે માટે નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા માટેના તમામ પગલાંઓ નાર્કોટિક સેલ દ્વારા લેવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલે એસઓજી પી.આઈ.એસ.એમ જાડેજા ની રાહ બારી હેઠળ પોલીસ હેડ કોન્સ્ટેબલ ફિરોઝ રાઠોડ તથા દિગ્વિજયસિંહ ગોહિલ તથા પોલીસ કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારને સંયુક્ત રીતે બાદમી મળી હતી જે આધારે પોલીસે નવા ૧૫૦ ફટ રીંગ રોડ ઉપર હોટલ રોયલ રીટ્રીટ ની બાજુમાં વર્ધમાન એવન્યુ એપાર્ટમેન્ટના ગેટ પાસે જાહેર રોડ ઉપરથી માદક પદાર્થ મેફેડ્રોનના જથ્થા સાથે આરોપી મુસ્તાક રજાકભાઈ શેખ ને પકડી પાડવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ મુસ્તાક શેખ હાલ રાણાવાવ હિન્દુસ્તાન ટ્રાન્સપોર્ટ ની સામે કબ્રસ્તાનની બાજુમાં પોરબંદર ખાતે રહે છે આ અંગે ગાંધીગ્રામ બે પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો નોંધવામાં આવેલો છે અગાઉ જામનગર એ ડિવિઝન અને બી ડિવિઝનમાં પણ એનડીપીએસ કલમ ૮સી, ૨૨સી, ૨૨,૨૯ મુજબ ગુનો દાખલ થયેલો છે. એસઓજી પોલીસે આરોપીને પકડવા માટે જે તખતો તૈયાર કરવામાં આવ્યો તેમાં તેઓને સફળતા મળી હાલ આરોપીની પૂછપરછ થઈ રહી હોવાનું પણ માલુમ પડી રહ્યું છે અને અગાઉ કેવી રીતે આ ગુના આચારવામાં આવ્યા તે અંગે વિગતો મેળવવામાં આવી રહી છે. એસઓજી પોલીસના નાર્કોટિક સેલ દ્વારા કુલ ૧૭.૯૫ લાખનો મુદ્દા માલ જપ્ત કરવામાં આવ્યો આ કામગીરીમાં પીએસઆઈ એમ.બી માજીરાણા, પોલીસ હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રસિંહ જાડેજા, મૌલિકભાઈ સાવલિયા, દિગ્વિજયસિંહ ગોહિલ, ફિરોજભાઈ રાઠોડ, ઉપેન્દ્રસિંહ ઝાલા, અરૂણભાઈ બાંભણિયા, પોલીસ કોન્સ્ટેબલ હાર્દિક સી પરમાર તથા યોગેન્દ્રસિંહ ઝાલા અને તેમની સાથે હરદેવસિંહ વાળા તથા મહિલા પોલીસ કોન્સ્ટેબલ મોનાબેન બુશા સહિતના કર્મચારીઓએ કામગીરીમાં સહભાગી બન્યા હતા. ત્યારે આવનારા દિવસોમાં આ પ્રકારની ગેરરીતી અટકાવવા માટેના હાલ તમામ પગલાંઓ લેવામાં આવશે.

# બોલો લ્યો ક્યાંય નહિ તો સિવિલ હોસ્પિટલમાં મંદિર પાસે ખડકી દેવાયું મોટા ઓટલાનું દબાણ!

### નનામી અરજીને પગલે તબિબી અધિક્ષકે નોટીસ પાઠવતાં સિક્યુરીટી ટીમે ઓટલો તોડી પાડ્યોઃ દબાણ કરનારાના નામ સાથે કરવામાં આવશે રિપોર્ટ





રાજકોટઃ શહેરમાં અમુક લોકો ઠેકઠકાણે દબાણ ખડકી દેતાં હોય છે. કોઇ ધાર્મિક સ્થળની આડમાં તો કોઇ અન્ય રીતે દબાણ કરતાં હોય છે. પછી તંત્રની નજરે ચડતાં કે ફરિયાદો ઉઠતાં આવા દબાણો દુર કરાતાં હોય છે. આ વચ્ચે શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં દબાણ થઇ ગયું હતું! સાંભળીને નવાઇ લાગે અને મનમાં સવાલ ઉદ્દભવે હોસ્પિટલમાં હોસ્પિટલની માલિકીની જગ્યામાં વળી કોણ દબાણ કરી ગયું હશે? તો જવાબ એ છે કે સિવિલ હોસ્પિટલમાં જુના વોર્ડ નંબર-૧૦ અને એક્સ-રે રૂમ નં. ૨૧ની સામે શ્રીરામેશ્વર મહાદેવ મંદિર આવેલુ છે. આ મંદિરની બહાર કોઇએ મોટો ઓટલો ચણી લઇ દબાણ ઉભુ કરી દીધુ હતું!

વિગતો જોઇએ તો અગાઉ અપુજ એવા આ મંદિરનો બાદમાં જીર્ણોધ્ધાર કરાયો હતો અને તેમાં સમયાંતરે સુધારા વધારા પણ કરવામાં આવ્યા છે. અહિ સવારે ચા-નાસ્તો પણ આપવામાં આવે છે. જો કે બે દિવસ પહેલા અચાનક જ આ મંદિરની બહાર મોટો ઓટલો ચણી લઇ દબાણ કરી લેવામાં આવ્યું હતું. આ મામલે કોઇએ અનામી અરજી કરતાં તબિબી અધિક્ષક ડો. મોનાલી માકડીયા, સિનીયર ડો. મહેન્દ્ર ચાવડાએ તુરત જ સિક્યુરીટીની ટીમને બોલાવી હતી અને તેમને નોટીસ આપી તત્કાળ આ દબાણ દુર કરવાની સુચના આપતાં સિક્યુરીટીની ટીમે આજે આ ઓટલાનું દબાણ તોડી પાડ્યું હતું. તસ્વીરમાં મંદિર તથા તોડી પડાયેલા ઓટલાનો કાટમાળ અને સિક્યુરીટી ટીમ જોઇ શકાય છે. આ ઓટલો બનાવી દબાણ મંદિર સાથે સંકળાયેલા કોઇએ કર્યુ હતું કે કેમ? તેની તપાસ કરી સિક્યુરીટી ટીમ તબિબી અધિક્ષકને રિપોર્ટ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અગાઉ અહિના એક અન્નક્ષેત્રમાં પણ દબાણ થયાનો ઉહાપોહ થયો હતો. ગઇકાલે જ આ અન્નક્ષેત્રના સંચાલકોને ગેરકાયદે વિજકનેકશન લેવા મામલે નોટીસ ફટકારાઇ હતી. ત્યાં હવે મંદિર પાસે દબાણના મામલે ચર્ચા જાગી છે.

### હોંશે હોંશે સાસરે પહોંચ્યા પછી યુવતિને ખબર પડી કે તેનો પતિ દારૂડીયો છેઃ ખુદ સાસુ-સસરાએ કરી ચોખવટ

# ગાયીકા પર નશાખોર પતિનો અનહદ સિતમ, સાસરિયા પણ સામેલ

### રાજકોટ માવતરે રહેતી પરિણીતાએ મોરબીના સકતશનાળામાં રહેતાં પતિ, સાસુ, સસરા, નણંદ, દિયર વિરૂધ્ધ ચોંકાવનારી એફઆઈઆર નોંધાવીઃ અલ્પાબેનને મિસકેરેજ થઇ જતાં આ બધાએ કહ્યું-બીજાનું બાળક હતું એટલે તે પડાવી નાંખ્યું!ઃ તાલુકા પોલીસે શરૂ કરી તપાસ



રાજકોટઃ કોઈપણ બહેન દિકરી પરણીને સાસરીયે જાય પછી તેના અનેક અરમાનો, આશાઓ, સપનાઓ હોય છે. મોટે ભાગે તો દરેક પતિ પોતાની પત્નિના આવા અરમાનો પુરા કરવા પ્રયાસ કરતો હોય છે. પરંતુ કેટલાક કિસ્સામાં પતિ અને સાસરિયાઓ ત્રાસરૂપ બની જતાં હોય છે. આ પ્રકારની ઘટનાઓ સતત પોલીસ ચોપડે નોંધાતી રહે છે. આવા એક ચોંકાવનારા બનાવમાં મહિલા ગાયીકા-સિંગર પર તેના પતિ, સાસરિયાએ અનહદ ત્રાસ ગુજારતાં તેણીએ નાછુટકે પોલીસની મદદ લઈ ફરિયાદ દાખલ કરાવતાં ચકચાર જાગી છે. હાલ રાજકોટ માવતરે રહેતી ગાયીકાની એફઆઈઆર પરથી તાલુકા પોલીસે મોરબી રહેતાં તેણીના પતિ, સાસુ, સસરા, નણંદો, દિયર સામે ગુનો દાખલ કર્યો છે. લગ્ન પછી તેણીને સાસરિયાએ કહ્યું હતું કે તારો પતિ દારૂની ટેવ ધરાવે છે હવે સંભાળી લેજે! તેણીને મીસકેરેજ થઇ જતાં પતિ-સાસરિયાએ હદ વટાવી બીજાનું બાળક હતું એટલે તે પડાવી નાંખ્યું છે! તેવા શબ્દો કહ્યા હતાં.

ચકચાર જગાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો એકાદ વર્ષથી રાજકોટ ફોર્ચ્યુન હોટેલ પાછળ જેનીશ એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૧૦૧માં રહેતાં ગાયીકા-સીંગર અલ્પાબેન તેજસભાઈ રાવલ નામની પાંત્રીસ વર્ષિય પરિણીતાની ફરિયાદ પરથી તાલુકા પોલીસે મોરબીના સકતશનાળા ગામે રહેતાં તેણીના પતિ તેજસ રાવલ, સસરા રાજેશભાઈ રાવલ, સાસુ મધુબેન, નણંદો અંકિતાબેન, પૂનમબેન અને દિયર ધ્રુવિલ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી છે. અલ્પાબેને જણાવ્યું છે કે હું હાલ માતા ક્રિષ્નાબેન સાથે એકાદ વર્ષથી રહુ છું. મારા પિતા હયાત નથી. હું સિંગર તરીકે કામ કરુ છું. મારા લગ્ન વર્ષ ૨૦૨૩માં મોરબીના તેજસ રાજેશભાઈ રાવલ સાથે જ્ઞાતિના રીતરિવાજ મુજબ થયા છે. લગ્ન થયા ત્યારે હું, પતિ તેજસ, મારા સાસુ-સસરા, નાના નણંદ અંકિતા એમ બધા સાથે રહેતાં હતાં. મોટા નણંદ પૂનમબેન તેના પતિ સાથે અમારા ઘરની બાજુમાં જ રહેતાં હતાં. લગ્નના થોડા સમય બાદ મારા સાસુ-સસરાએ કહેલું કે-તેજસને પીવાને ટેવ છે, તમે સાચવી લેજો. ત્યારે મેં કહેલુ કે તમારે લગ્ન પહેલા આ ચોખવટ કરાય ને તો હું લગ્ન ન કરત.

આ કારણે અમારી વચ્ચે બોલાચાલી થઇ હતી. લગ્નના દોઢેક મહિના બાદ પતિ દારૂ પી ઘરે આવતાં મેં તેને ક્યાં પીને આવ્યા છો? તેમ પુછતાં તેણે તું કોણ પુછવાવાળી, મને મારા મા-બાપ પણ કંઈ કહેતા નથી કહી ગાળો દેતાં મેં તેને સમજાવી સુવડાવી દીધા હતાં. બાદ મેં સાસુ-સસરાને વાત કરતાં તેણે કહેલુ હવે તારે જ તેને સાચવવાનો છે. પતિ પછી અવાર-નવાર વધુ નશો કરી ઘરે આવી મારી સાથે ગાળાગાળી મારામારી કરતો હોઈ હું સમજાવીને તેને સુવડાવી દેતી હતી. એક દિવસ પતિ ફુલ દારૂ પીને આવતાં જઘડો થતાં મને ધક્કો મારી ઘરમાંથી કાઢી મુકી હતી. જેથી મેં મારા માતા-ભાભીને જાણ કરતાં તે મને તેડવા આવ્યા હતાં. લગ્નના બે મહિના બાદ પહેલીવાર હું રાજકોટ આવી હતી.

ત્યારપછી પંદર દિવસ બાદ તેજસ અને મારી નણંદ અંકિતા, સસરા રાજેશભાઈ બધા મારા ઘરે આવેલા અને હવે પછી આવુ નહિ થાય, તેજસ દારૂ નહિ પીવે તેમ કહી સમજાવી મને તેના ઘરે તેડી ગયા હતાં. તેજસે થોડા દિવસ દારૂ પીવાનું મુકી દીધુ હતું. પછી ફરીથી પીવા માંડ્યો હતો. મોડી રાતે ઘરે આવી મારે બીજા પુરૂષો સાથે સંબંધ છે તેવી શંકા કરી મને માર મારી મોડી રાતે ઘરમાંથી ધક્કા દઈ કાઢી મુકી હતી. મેં ફરી મારા માતાને ફોન કરી જાણ કરતાં તે મોડી રાતે મને મોરબીથી રાજકોટ તેડી ગયા હતાં. મારે જ્યાં ઈવેન્ટ હોય ત્યાં ઓર્ગેનાઈઝરને પણ તેજસ ફોન કરી મારા વિશે જેમ તેમ બોલી મને કામ નહિ આપવાનું કહી ગાળો દેતો હતો. એક વખત હું રાજકોટથી મોરબી ઈવેન્ટમાં જતી હતી ત્યારે મોરબી રોડ પર ખજુરા હોટલ પાસે તેજસે તેની ગાડીથી મારી ગાડીને ટક્કર મારી ઉભી રખાવી હતી. પછી તેણે ગાડીમાંથી ઉતરીને મને ગાળો દીધી હતી.

મેં સાસુ-સસરાને જાણ કરતા તેણે પણ મને તું રોડ પર આબરૂના ધજાગરા કરે છે ઘરે આવતી રહે તેમ કહી ગાળો દીધી હતી અને કહેલુ કે તેજસ દારૂ પીવે છે તે તને ખબર જ છે. આ વખતે રિક્ષાવાળા ભાઈઓએ તેજસને સમજાવ્યો હતો. બાદ હું ત્યાંથી ઈવેન્ટમાં જવા નીકળી ગઈ હતી. હું પતિ, સાસુ, સસરા, દિયર ધ્રુવીલ, નણંદ અંકિતા અને પૂનમબેનના ત્રાસથી ટોર્ચરથી કંટાળી પાંચમી વખત મારા માવતરે આવી ગઈ હતી. ફરીથી તેજસ અને તેના પરિવારજનોએ મને સમજાવી હતી કે હવે તેજસ દારૂ નહિ પીવે. તમે બંને અલગ રહેજો તેમ કહી મને તેડી ગયા હતાં. વર્ષ ૨૦૨૪ના જાન્યુઆરીમાં હું પ્રેગનન્ટ થતાં પતિએ ત્યારે પણ દારૂ પી ટોર્ચર કરી 'આ બાળક બીજાનું છે' કહી ઝઘડો કર્યો હતો. મેં સાસુ, સસરા, નણંદ, દિયરને આ વાત કરતાં તેણે પણ તેજસનો પક્ષ તાણ્યો હતો અને કહ્યું હતું કે-તું ઘરે આવી પછી અમારા ઘરમાં અશાંતી ઉભી થઇ છે, તેમજ ગાળ દઈ ...કોઈ દિવસ રાણી બની ન શકે તેવા શબ્દો કહી બાળક બીજાનું છે તેમ કહી તું માવતરેથી શું લાવી છો? કહી દહેજની માંગણી કરી હતી. ત્યારબાદ મારે પ્રેગનન્સીનો ત્રીજો મહિનો હોઈ મીસકેરેજ થઇ જતાં પતિ દારૂ પીધેલો હોઈ મને હોસ્પિટલે લઈ ગયેલ નહિ. મને સાસુ-નણંદ દવાખાને લઈ ગયા હતાં. એ પછી પણ તેજસ દારૂ પી કહેતો કે તે રાજકોટ દવા લઈ બાળક પડાવી નાંખ્યુ છે. એ પછી ફરી મારજુડ કરી હતી. મેં ફરી સાસુ-સસરા-દિયર, નણંદોને વાત કરતાં આ લોકોએ પણ ગાળો દઈ બીજાનું બાળક હતું એટલે જ તે પડાવી નાંખ્યું છે તેમ કહી મેણા મારી ટોર્ચર ચાલુ રાખ્યું હતું. સતત ત્રાસ અપાતો હોઈ ૨૦૨૪ના મે મહિનામાં મને મારા માતા-ભાભી ફરી રાજકોટ તેડી ગયા હતાં.

ત્યારથી એટલે કે એકાદ વર્ષથી હવે હું રાજકોટ છું. હજુ પણ તેજસ મને વ્હોટ્સએપમાં મેસેજ, વિડીયો કોલ કરી ગાળો દઈ અપમાનજક શબ્દો બોલી તું તારી રીતે રહેજે, મેં બીજી ગોતી લીધી છે તેમ કહી ગાળો દેતો હોઈ સાસુ, સસરા, દિયર, નણંદો પણ તેનો સાથ આપતાં હોઈ અંતે મારે ફરિયાદ કરવી પડી છે. તેમ વધુમાં અલ્પાબેને કહેતાં તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી. એમ. હરિપરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ. પી. ચૌહાણે એફઆઈઆર નોંધી ચોંકાવનારી વિગતો, આરોપોની તપાસ

### નાના મોટા કારણોસર સાસરિયામાં ગુજારાતો ત્રાસ સહન કરી લેવાતો હોય છે, હદ વટી જાય પછી થતી હોય છે ફરિયાદઃ મહિલા પોલીસમાં દાખલ થયા બે ગુના

# પરિણીતાને પરણ્યાના ચોથા જ દિવસથી અપાવા માંડ્યો ત્રાસ

### સાસુએ કહ્યું-તું જમીન જોઈને અહિ આવી છો, પતિએ નશો કરી ધોલધપાટ ચાલુ કરીઃ આગળ જતાં નણંદે તો એવુ કહી દીધું કે-તારી કુખે જન્મેલુ છોકરૂ મારા ભાઈનું નથીઃ કાકાજી-કાકજી પણ કરતાં હતાં ચારિત્ર્ય પર શંકા

### બીજી પરિણીતાને લગ્ન પહેલા જે કહેવાયું તેનાથી ઉલ્ટુ કરાયુંઃ વાડીમાં કામે મોકલાઈ, સાડી પહેરવાની ના પાડી દીધીઃ પડોશીઓ સાથે બોલવાની મનાઈ, માતવરને સગાને ફોન કરવાના નહિ!



રાજકોટઃ શહેરના મહિલા પોલીસ સ્ટેશનમાં પરિણીતાઓ પર ત્રાસ ગુજારવાના વધુ બે ગુના દાખલ થયા છે. જેમાં એક પરિણીતાને લગ્નના ચોથા જ દિવસે સાસુ-પતિ દ્વારા ત્રાસ શરૂ થઇ ગયો હતો. પતિ દારૂ ઢીંચીને મારકુટ પણ કરતો હતો. આગળ જતાં નણંદે તો ત્યાં સુધી કહી દીધુ હતું કે તારી કુખે જન્મેલુ છોકરુ મારા ભાઈનું નથી! કાકાજી-કાકીજી પણ ચારિત્ર્ય પર શંકા કરી ત્રાસ ગુજારવામાં બાકી રાખતા નહોતાં. બીજી એક ઘટનામાં રાજકોટના ખોરાણા ગામે હાલ માવતરે રહેતી પરિણીતાએ ધ્રોલના ભેંસદડ ગામે રહેતાં પતિ, સાસરિયા વિરૂધ્ધ ત્રાસની ફરિયાદ કરી છે. લગ્નના બે જ મહિના બાદ પતિ-સાસુએ કામ બાબતે મેણા મારી પડોશીઓ સાથે બોલવું નહિ, માવતર કે સગાને ફોન કરવા નહિ તેવુ કહી પાબંદી લગાવી ત્રાસ આપવાનું શરૂ કરી દીધુ હતું.

પ્રથમ બનાવ પર નજર કરીએ તો દોઢસો ફુટ રીંગ રોડ શીતલ પાર્ક ચોકડી એ-૨, ૧૦૭ શહિદ સુખદેવ ટાઉનશીપ દ્વારકાધીશ હાઈટ્સ પાછળ રહેતાં રીન્કલબેન હિતેષભાઈ વડાલીયા નામની તેત્રીસ વર્ષની પરિણીતાની ફરિયાદ પરથી ઉપલેટાના ભાયાવદરમાં રહેતાં પતિ હિતેષ વડાલીયા, સસરા રણછોડભાઈ છગનભાઈ વડાલીયા, નણંદ દિપ્તીબેન સંદિપ વૈંાણી, ભાવનગર રહેતાં કાકાજી જગદીશભાઈ છગનભાઈ વડાલીયા, રૈયાધાર શુભલક્ષ્મી રેસ્ટોરન્ટ પાસેં રહેતી કાકીજી અમિતાબેન ભરતભાઈ વડાલીયા અને સામે ફરિયાદ દાખલ કરી છે. રીન્કલબેને ફરિયાદમાં જણાવ્યું છે કે છેલ્લા બે મહિનાથી હું અને મારો દિકરો એકલા રહીએ છીએ. મારા લગ્ન ૨૦/૭/૨૦૧૫ના રોજ આર્યસમાજમાં રીતરિવાજ મુજબ થયા છે. લગ્ન જીવન દરમિયાન મારે એક દિકરો મનન છે જે નવ વર્ષનો છે. મારા પતિ હિતેષ વડાલીયા વેપાર કરે છે. મારા સાસુ-સસરા ભાયાવદરના જામટીંબડી ગામે રહે છે.

લગ્ન બાદ હું પંદરેક દિવસ ભાયાવદરના જામટીંબડી ગામે પતિ, સાસુ, સસરા સહિતની સાથે રહી હતી. લગ્નના ચોથા દિવસે જ સાસુ લલીતાબેન જે મારા નવા સાસુ છે તેણે-તું તો અમારી જમીન જોઈને આવી છો, તારા પિયરવાળાએ તને કંઈ આપ્યું નથી, તને રસોઈ બનાવતા આવડતી નથી તેમ કહી મેણાટોણા મારવાનું ચાલુ કર્યુ હતું. હું સાસુને કોઈપણ વાત કરુ તો મારી સાથે ઝઘડો કરતા હતાં. મારા સસરા પણ સાસુ અને પતિને સમજાવવાને બદલે પતિનું ઉપરાણુ લેતાં અને ઝઘડા કરતાં.

ત્યારબાદ ઝઘડાને કારણે સસરાએ કહેલુ કે તમે પતિ-પત્નિ રાજકોટ રહેવા જતા રહો. બાદ હુ અને પતિ રાજકોટ ભાડાના મકાનમાં રહેવા લાગ્યા હતાં. ચારેક વર્ષ બધુ બરાબર ચાલ્યું હતું. પણ બાદમાં મારા સાસુ, સસરા, નણંદની ચઢામણીથી પતિએ મારી સાથે ઝઘડા ચાલુ કરી કહેલુ કે તારે મારા મમ્મી-પપ્પા-બહેન કહે તેમ કરવાનું. પતિએ મારા ચારિત્ર્ય પર શંકા કુશંકા પણ ચાલુ કરી હતી. મને ઘર ખર્ચ પણ આપતા નહિ. તેમજ પતિએ દારૂ પી ઘરે આવી જેમતેમ વર્તન કર્યુ હતું. હું ઘરે ન હોઉ તો અજાણી સ્ત્રીને ઘરે બોલાવતો. પણ મારે સંતાન હોવાથી હું સહન કરતી હતી. અમે સમજુતી કરાર કર્યો હોવા છતાં પતિ સમજુતી કરાર મુજબ રહ્યો નથી. નણંદ દિપ્તીબેનને હું અમારા ઝઘડાની વાત કરી પતિને સમજાવવા કહેતી તો તે તેને સમજાવવાને બદલે મારી સાથે ઝઘડો કરી મારા ચારિત્ર્ય વિશે જેમતેમ બોલતી હતી તેમજ આ બાળક મારા ભાઈનું નથી તેમ કહી મેટા મારતી હતી! આ પછી ગત ૨૩/૨/૨૫ના રોજ મારા પતિ મને કહ્યા વગર જતાં રહેલ અને આખો દિવસ શોધવા છતાં તેનો સંપર્ક ન થતાં મેં પોલીસમાં ગૂમ થયાની નોંધ કરાવી હતી.

ત્યારપછી ૨૬/૩ના પતિએ મને ફોન કરી કહેલુ કે તું તારો દિકરો તમારુ કરી લો, હવે હું નહિ આવું. મેં તેને સમજાવતાં તે ઘરે આવેલ. એ પછી મારા કાકાજી જગદીશભાઈ, કાકીજી અમીતાબેન પણ ત્રણ દિવસ અમારી ઘરે રોકાયેલ અને અવાર-નવાર ચારિત્ર્ય વિશે અને મકાન બાબતે પ્રેશર કરી ત્રાસ આપવા માંડ્યા હતાં. મકાન કાકાજીના નામે કરી દેવા પણ કહેતાં હતાં. ૨૭/૩ના મુંજકા પોલીસે અમારા નિવેદન નોંધ્યા હતાં. એ પછી પતિ મને અને દિકરાને ગામડે મુકી જતો રહેલ. હાલ અમે મા-દિકરો રહીએ છીએ. આજ સુધી પતિ તેડવા ન આવતાં અંતે ફરિયાદ કરી હતી. તેમ રીન્કલબેને જણાવતાં ગુનો દાખલ કરાયો હતો.

બીજી ઘટના જોઈએ તો રાજકોટના ખોરાણા ગામે રહેતી જયશ્રીબેન દિલીપભાઈ વધેરા નામના એકત્રીસ વર્ષના પરિણીતાની ફરિયાદ પરથી ધ્રોલના ભેંસદડ ગામે રહેતાં પતિ દિલીપ વધેરા, સાસુ ગંગાબેન કુંવરજીભાઈ વધેરા, કાકાજી વાલજીભાઈ તેજાભાઈ વધેરા, વાંકાનેર રહેતાં નણંદ ગીતાબેન લવજીભાઈ સારેસા અને નણદોયા લવજીભાઈ જેઠાભાઈ સારેસા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી છે. જયશ્રીબેન વધેરાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું અઢી વર્ષથી મારા માતા-પિતાના ઘરે રહુ છું. મારા લગ્ન ૯/૧૨/૨૧ના રોજ ધ્રોલના દિલીપ વધેરા સાથે જ્ઞાતિના રિવાજ મુજબ થયા છે. લગ્ન બાદ સાસરીયામાં પતિ, સાસુ, ગંગાબેન સાથે રહેતી હતી. કાકાજી વાલજીભાઈ અમારીબાજુમાંરહે છે. નણંદ ગીતાબેન અને નણદોયા વાંકાનેર રહે છે. લગ્ન બાદ મને બે મહિના સારી રીતે રાખવામાં આવી હતી. બાદમાં પતિ-સાસુ ઘરના કામકાજ બાબતે મેણા મારી ગાળો દેતા હતાં. તેમજ આ બંને મને કહેતાં કે-તારે પડોશીઓ સાથે બોલવાનું નહિ, તારા માતા-પિતા કે સગા સંબંધી સાથે ફોનમાં વાત કરવાની નહિ. સગાઈ થઈ ત્યારે મને એવુ કહેલું કે તારે ઘરનું કામ જ કરવાનું અને સાસરિયામાં ડ્રેસ પહેરવાની પણ છુટ છે. પરંતુ લગ્ન બાદ મને વાડીએ કામ કરવું પડશે, ડ્રેસ નહિ સાડી જ પહેરવાની છે તેમ કહી નાની નાની વાતે પાબંદી લગાવાઈ હતી.

તેણીએ આગળ કહ્યું કે મારા પતિ એક દિવસ કહ્યા વગર ત્રણ ચાર દિવસ ઘરેથી બહાર જતાં રહેલ. મેં ફોન કરતાં પતિએ-મારો કોઈ ધણી નથી હું છું એવો રહીશ, મને ફોન નહિ કરવાનો કહી ઝઘડો કરી ફોન કાપી નાંખ્યો હતો. આ બાબતે સાસુ, કાકાજી, નણંદ-નણદોયાને વાત કરતાં તેણે મારા પતિને સમજાવવાને બદલે મારી સાથે ઝઘડા કરી પતિની ચઢામણી કરી હતી. લગ્ન બાદ હોળીનો તહેવાર હોઈ મારે અને પતિને પગલે લાગવા જવાનું હોઈ મારે તૈયાર થવામાં વાર લાગતાં પતિએ ફડાકો મારી ગાળો દઈ માવતરે તને કંઈ શીખવાડ્યું જ નથી તેમ કહી મારા માતા-પિતાને પણ ગાળો ભાંડી હતી.

લગ્નના છ મહિના બાદ મારે વ્રતનુંઉજવણું કરવાનું હોઈ મારા નણંદને બોલાવ્યા હતાં. ત્યારે મારા પતિએ જયશ્રી હું કહું તેમ કરતી નથી, પહેરતી ઓઢતી નથી તેવુ કહેતાં મારા નણંદે પણ મને ગાળો દીધી હતી.

નણદોયા પણ મારા પતિને સાથ આપતાં હતાં. ૧૬/૯/૨૨ના રોજ હું ફોનમાં મારા ઘરે વાત કરતી હતી ત્યારે પતિને ફોન લઈ ફેંકી દીધો હતો અને તારા ઘરના તને ચડાવે છે કહી મારા માવતર વિશે ગાળો બોલી મને ફડાકો મારી દીધો હતો. આ પછી મેં મારા ભાઈ અરવિંદભાઈ સોલંકીને ફોન કરી બોલાવતાં તે આવ્યા હતાં. આ વખતે પતિ બહાર જતો રહેલ હોઈ મારા ભાઈએ ફોન કરતાં તેણે પોતે જામનગર છે તમે જયશ્રીને લઈ જાવ તેમ કહી દીધુ હતું.

જે તે વખતે મેં મારા દાગીના માંગતા વડીલો મારફત નક્કી થાય પછી લઈ જજો તેમ કહી મને રવાના કરી દીધી હતી. ત્યારથી હું માવતરે છું.

એ પછી પતિ, સાસરીયાએ મારી દરકાર લીધી નથી. સમાજ, વડીલો મારફત અમે પ્રયાસ કર્યો છતાં પતિ તેડી ગયો નથી. અંતે મારે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં જયશ્રીબેને જણાવતાં બંને કિસ્સામાં પોલીસ ઈન્સ્પેક્ટર બી. ટી. અકબરીના માર્ગદર્શન હેઠળ તપાસ શરૂ થઇ છે.





# મનપાના તીખા તેવર

# ૬૯.૯૭ કરોડની જમીન ખુલ્લી

## વેસ્ટ ઝોનમાં ફર્યું તંત્રનું બુલડોઝર : ૬૯૯૭ ચોરસ મીટર જગ્યા દબાણ મુક્ત

રાજકોટ, તા. ૨૩

ગેરકાયદે દબાણોનો જે ખડકલો થઈ રહ્યો છે તેને ધ્યાને લઈને હાલ સ્થાનિક પ્રશાસન દ્વારા એ તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અને દબાણોને દૂર કરવામાં આવી રહ્યા છે ત્યારે છેલ્લા બે દિવસથી કલેક્ટર વિભાગ દ્વારા વિવિધ ડિમોલિશન હાથ ધરવામાં આવ્યા પરંતુ ગઈકાલે મહાનગરપાલિકા ના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા વેસ્ટ ઝોનમાં ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ખાસ મ્યુનિસિપલ કમિશનરના સૂચનાને ધ્યાને લઈને જ આ સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું માલુમ પડ્યું છે. મળતી માહિતી મુજબ હાલ જે ડિમોલિશન કરવામાં આવી રહ્યા છે તેની પાછળનું બીજું સૌથી મોટું કારણ એ પણ છે કે તે તમામ મિલકત ધારકોને ૨૬૦ બે મુજબની નોટિસ પાઠવી દેવામાં આવેલી છે પરંતુ તેમના દ્વારા કોઈ નક્કર જવાબ અથવા તો કાર્યવાહી ન કરાતા હાલ તેમના દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. ગઈકાલે વોર્ડ નંબર ૧૨ માં રહેતા વિનુભાઈ પરસાણા કે જેમના દ્વારા રસુલપરા ખાતે જે દબાણો થયેલા હતા તેને દૂર કરવામાં આવ્યા છે. ઈન્ડસ્ટ્રીયલ શેડનું બાંધકામ આસામી દ્વારા કબ્જા/વપરાશમાં આવેલ ઉપરોક્ત સ્થળે દર્શાવેલ મિલ્કત પર ગેરકાયદેસર બાંધકામ ધ્યાને આવતા અત્રેથી કલમ-૨૬૦(૧) મુજબની નોટીસ પાઠવવામાં આવેલ તેમ છતાં આસામી દ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં ન આવતા, ૨૬૦(૨) ની નોટીસ પાઠવવામાં આવેલ.

ગેરકાયદેસર બાંધકામ દુર ન થતા ગઈકાલ સવારથી ઈન્ડસ્ટ્રીયલ શેડનું અંદાજીત ૮૫૦.૦૦ ચો.મી. નું બાંધકામ દુર કરેલ છે. જ્યારે વેસ્ટ ઝોન ખાતે આવેલા વોર્ડ નંબર ૧૨માં રિયાઝભાઈ કે જેવો વાવડી વિસ્તારમાં રહે છે ત્યાં તેમના દ્વારા જે ગેરકાયદે દબાણ ઊભા કરવામાં આવ્યા હતા તેને દૂર કરવામાં આવ્યા છે. આ અંગે મળતી માહિતી મુજબ વેસ્ટ ઝોન અને ખાસ તો ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા જે ગેરેજના છાપરા નું બાંધકામ હતું તેને દૂર કરવામાં આવ્યું છે આ માટે આસામી ને બબ્બે નોટિસો પાઠવવામાં આવી હતી પરંતુ યોગ્ય જવાબ ન આપતા ગઈકાલે આશરે ૨૬૧ ચોરસ મીટરનું બાંધકામ દૂર કરવામાં આવ્યું કુલ ૧,૧૧૧ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરાવવામાં આવેલી છે. રાજકોટ મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલ અનામત પ્લોટ તથા ટી.પી. રોડ પર થયેલ અનઅધિકૃત બાંધકામ દુર કરવા ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં ૬૯૯૭.૦૦ ચો.મી.ની અંદાજીત ૬૯.૯૭ કરોડ ની જમીન ખુલ્લી કરાવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

મહાનગરપાલિકાના રિઝર્વેશન પ્લોટની જો વાત કરવામાં આવે તો ટીપી ૧૬ હેઠળ આવેલ કિડની હોસ્પિટલ પાસે ઝૂંપડા નું દબાણ જે કરવામાં આવ્યું હતું તે દૂર કરી આશરે ૪૭.૬૬ કરોડની કુલ ૪૭૭૬ ચોરસ મીટર જગ્યા ખુલી કરાવવામાં આવી છે. એવી જ રીતે ટીપી સોળ હેઠળ આવેલ કિડની હોસ્પિટલની પાછળના ભાગમાં જે ચોપડાનું દબાણ થયેલું હતું તેને પણ દૂર કરી આશરે ૨૨.૨૧ કરોડ રૂપિયાની જગ્યા ખુલી કરવામાં આવી અને ૨૨૨૧ ચોરસ મીટર જગ્યા પર દબાણ થયું હોવાનું માલુમ પડ્યું હતું. મળતી માહિતી મુજબ પુનિત ના ટાંકાથી વાવડી ગામ સુધી ના રસ્તામાં કુલ 30 જેટલા ઝૂંપડાઓ મહાનગરપાલિકાના અનામત પ્લોટ માં દબાણ કરી હોવાનું માલુમ પડ્યું હતું જેમાં કુલ 30 ઝુંપડાઓ પર બુલડોદર ફેરવી આશરે ૫૦૦ ચોરસ મીટર જગ્યા દબાણ મુક્ત કરવામાં આવી. એમ કુલ મહાનગરપાલિકા દ્વારા ૬૯૯૭ ચોરસ મીટર જગ્યા કે જેની બજાર કિંમત આશરે ૬૯.૯૭ કરોડ થાય છે તેને દબાણ મુક્ત કરવામાં આવી.

આ ડીમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખા, વેસ્ટ ઝોન, આસી. ટાઉન પ્લાનર તથા તમામ આસી. એન્જીનીયર, એડી. આસી. એન્જીનીયર, હેડ સર્વેયર, સર્વેયર અને વર્ક આસિસ્ટન્ટ તેમજ અન્ય જુદી-જુદી શાખાઓ જેવી કે, જગ્યા રોકાણ શાખા, ફાયર વિભાગ, રોશની વિભાગ, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વિજિલન્સનો પોલીસ સ્ટાફ તથા ડ.ઋ૯ટ.ઈ.ક. નો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.

# મેડિકલ લીવ સાથે અનેક સીટી બસ ડ્રાઈવરો ઉતર્યા રજા પર

## રાજકોટમાં સીટી બસ સેવાની વ્યવસ્થા પર અનેક સવાલો

## પીપરવાન ચાલકોના પણ લાઇસન્સ ચકાસવામાં આવશે



રાજકોટ, તા. ૨૩

ઈન્દિરા સર્કલ પાસે જે બસ દુર્ઘટના થઈ તેમાં ચાર લોકોના મોત નીપજ્યા હતા જે બાદ રોસે ભરાયેલા લોકોએ બસ ડ્રાઈવર શિશુપાલસિંહ રાણા ને બેફામ લમધાર્યો હતો અને એજાગ્રસ્ત થતા તેને સારવાર અર્થે હોસ્પિટલ પણ ખસેડવામાં આવ્યો. જે બાદ ૨૫ જેટલા ડ્રાઈવર હોય પોતાની સલામતી અને સુરક્ષાની વાત કરી રાજીનામા ધરી દેતા સમગ્ર રાજકોટ શહેરમાં હાલ સીટી બસને લઈને વ્યવસ્થા સંપૂર્ણપણે ખોવાઈ ચૂકી છે તેમજ ડેપો ઉપર બસોના થપ્પા પણ લાગી ગયા છે.

ઈન્દીરા સર્કલ પાસે સર્જાયેલ બસ દુર્ઘટના બાદ સીટી બસના ડ્રાઈવરોને લોકોના રોષનો ભોગ બનવું ન પડે તે માટે એજન્સીઓ પર જવાબદારી ઢોળી હતી. આ અંગે યોજાયેલ બેઠકમાં પણ એજન્સીના અધિકારીઓએ ડ્રાઇવરોને સાથ ન આપતા સીટી બસોના ૨૫થી વધુ ડ્રાઇવરોએ રાજીનામા આપી દીધા હતા જેના પગલે શહેરના અનેક રૂટ પર સીટી બસ સેવા આજે સવારથી પ્રથમ શેડયુલમાં જ ખોરવાઇ જવા પામી હતી.

મહાનગરપાલિકાના સુત્રોએ જણાવ્યું હતું કે, સીટી બસ સેવાના ૨૫ જેટલા ડ્રાઇવરોએ રાજીનામા આપી દેતા ૨૫ બસ સર્વિસોના રૂટ બંધ રહેવા પામ્યા હતા તેમજ અમુક ડ્રાઇવરોએ ગઇકાલે સાંજથી રજા રીપોર્ટ મુકી દીધા હતા. અકસ્માતની ઘટનાઓ વખતે જવાબદારી કોની ફિકસ થાય તેનો નિવેડો મ્યુનિ. કોર્પોરેશનના વહીવટી તંત્ર કે એજન્સી દ્વારા હજુ સુધી લાવવામાં નહીં આવતા ડ્રાઇવરો મુંઝવણમાં મુકાઇ ગયા છે તેમજ અમુક ડ્રાઇવરોએ માંદગીનું બહાનુ દર્શાવી રજા રીપોર્ટ મુકી રજા ઉપર ઉતરી ગયા હોય જાણવા મળ્યું છે. જેના પગલે તંત્રને અમુક બસ રૂટો રોકાવાની ફરજ પડી છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે સીટી બસ અકસ્માત દુર્ઘટના બાદ મ્યુનિ. કોર્પો. દ્વારા ડે.કમિશ્નરના અધ્યક્ષસ્થાને ખાસ કમીટીની રચના કરી છેલ્લા ત્રણ દિવસથી સીટી બસ સર્વિસોના ચકાસણીની કામગીરી શરૂ કરવામાં આવી છે જેમાં ડ્રાઇવરો પાસે લાયસન્સ છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી .

બીજી તરફ હાલ પીપરવાન ના ચાલકોનું દુષણ પણ અત્યંત વધી ગયું છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા હવે તેમની પાસે લાયસન્સ છે કે કેમ તે અંગે પણ તપાસ શરૂ કરી છે ત્યારે જો જે બસ ચાલકો માટેની જે વ્યવસ્થા આગામી દિવસોમાં કરવામાં નહીં આવે તો લોકોને ખરા અર્થમાં હેરાન થવું પડશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી ત્યારે હવે જોવાનું એ રહ્યું કે આ તમામ મુદ્દાઓ પર મહાનગરપાલિકા કઈ રીતે પગલાં લે છે. એટલું જ નહીં ઘણા ખરા કિસ્સામાં તો મેડિકલ નું કારણ આપી બસ ડ્રાઈવરો રજા પર ઉતરી ગયા છે. જ્યાં સુધી ડ્રાઈવરોને કોઈ પણ પ્રકારની સુરક્ષા અને સલામતીની બાહેધરી નહીં મળે ત્યાં સુધી તેમના દ્વારા ફરજ પર ન ચડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તો બીજી તરફ મહાનગરપાલિકા પણ તેમને ભરોસો અપાવવામાં અને એજન્સી પણ ખાસ તે સુરક્ષાની જવાબદારી સ્વીકારવામાં નિષ્ફળ નીવડી હોય તેવું ચિત્ર ઊભું થયું છે.

# જૂની કલેક્ટર કચેરી પટાંગણમાં

# ગેરકાયદે બેઠેલા એજન્ટોને કરાયા દૂર

## અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆત આવી હતી કરવામાં છતાં કોઈ નક્કર પરિણામ આવ્યું ન હતું

રાજકોટ, તા. ૨૩

કલેકટર કચેરીમાં અને વિવિધ મામલતદાર કચેરીઓમાં હાલ બહાર અનઅધિકૃત રીતે એજન્ટો બેઠા હોય છે જેવો પૈસાથી લોકોના કાર્યો કરે છે આ અંગે એક વખત નહીં અનેક વખત કલેક્ટર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી અને મામલતદારોને પણ જણાવવામાં આવ્યું હતું પરંતુ આજ દિન સુધી કોઈ નક્કર કામગીરી ન થતા અનેક પ્રશ્નો ઊભા થયા છે. ગઈકાલે રાજકોટ શહેર પૂર્વ મામલતદાર ચાવડા તથા તેમની ટીમ દ્વારા જૂની કલેકટર કચેરી કમ્પાઉન્ડ ખાતે એક વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી અને કમ્પાઉન્ડમાં અનઅધિકૃત એટલે કે કોઈ પણ ની પરવાનગી લીધા વગર બેસી લોકોના કામ કરતા એજન્ટોને હાંકી કાઢવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ આ તમામ લોકો દ્વારા જૂની કલેકટર કચેરીના મેદાનમા અરજદારોને રૂપિયા ખંખેરી ગામ કરતાં હોવાનું માલુમ પડ્યું હતું જે બાદ હવે તાકીદે આ અંગે પગલાં લેવા પણ જણાવવામાં આવ્યું ત્યારે ગઈકાલે એજન્ટોની સાથો સાથ જે પાન ફાકી લારીવાળા ઈસમો જે કચેરીની અંદર ગેરકાયદે ઊભા રહેતા હતા તેમને ખદેડવામાં આવ્યા છે એટલું જ નહીં આ અંગે મામલતદાર દ્વારા પ્રનગર પોલીસને પણ લેખિત જાણ કરી છે. પરંતુ પેધી ગયેલા આ ઇસમો ગમે ત્યારે કમ્પાઉન્ડમાં આવી જતાં તેમજ પોલીસ તરફથી કોઇ પીસીઆર કે ચેકીંગ થતુ ન હતું. ગઈકાલે મામલતદાર દ્વારા પ્રધ્યુમનનગર પોલીસ સ્ટાફને બોલાવી આ તમામ આશરે ૧૬ જેટલા ઈસમોને ખસેડવામાં આવ્યા અને ફરીથી આ કમ્પાઉન્ડમાં બેસતા નજરે પડશે તો તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તૈયારી દાખવી છે.

## નવા નિયમથી અરજી કરનાર યુગલોની લાગશે લાંબી લાઈનો

# મેરેજ સર્ટિ. માટે હવે પતિ-પત્નીએ રહેવું પડશે હાજર

રાજકોટ, તા. ૨૩

ગઈકાલે મહાનગરપાલિકાના લગ્ન નોંધણી વિભાગ દ્વારા ૧૧૯ જેટલી અરજીઓ ને રદ કરી દેવામાં આવી છે કારણ કે સગીર વયના યુગલો દ્વારા મેરેજ સર્ટિફિકેટ લેવામાં આવ્યા હતા અને સામે મહાનગરપાલિકાની કાર્ય પ્રણાલી પર ઘણા પ્રશ્નો ઊઠ્યા હતા જે બાદ ગઈકાલે મેરેજ વિભાગ દ્વારા અત્યંત મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં હવે મેરેજ સર્ટિફિકેટ લેવા આવનાર પતિ પત્નીએ ઇન્ટરવ્યૂમાં સંયુક્ત રીતે હાજર રહેવું પડશે જેથી પારદર્શક વ્યવહાર જળવાઈ રહે.

રાજકોટ મહાનગરપાલિકાના લગ્ન નોંધણી વિભાગમાં મેરેજ સર્ટીફીકેટ માટે હવે પતિ-પત્નીએ અધિકારી



સમક્ષ રૂબરૂ હાજર રહેવું પડશે. અગાઉ વિડીયો કોલીંગ મારફત પત્નીની હયાતી દર્શાવાતી હતી જે નિયમ એકાએક રદ્દ કરી નાખવામાં આવેલ છે.

મ્યુનિ. કોર્પોરેશને લગ્ન નોંધણી વિભાગ દ્વારા એકાએક જ મેરેજ સર્ટીફીકેટ માટેના જુના નિયમની અમલવારી ફરી શરૂ કરી દેવામાં આવેલ છે. જેના પગલે મ્યુનિ. કોર્પોરેશનના લગ્ન નોંધણી વિભાગમાં મેરેજ સર્ટી ફીકેટ મેળવવા માટે હવેથી પતિ-પત્ની બંનેએ અધિકારી સમક્ષ ફરજીયાત રીતે સજોડે ઉપસ્થિત રહેવું પડશે.

અત્યાર સુધી મહાનગરપાલિકામાં મેરેજ સર્ટીફીકેટ માટે આવતા યુગલો પૈકી પતિ દ્વારા ડોકયુમેન્ટ રજુ કરી ઈન્ટરવ્યુ આપતા સમયે વિડીયો કોલ મારફતે અધિકારી દ્વારા તેમના પત્નીનું ઈન્ટરવ્યુ લઇ ખરાઇ કરવામાં આવતી હતી. પરંતુ આ પ્રક્રિયામાં કેટલીક વિસંગતતાઓ સર્જાતી હોય, જેના પગલે લગ્ન નોંધણી વિભાગ દ્વારા હવે નવો નિયમ અમલી બનાવી દેવામાં આવેલ છે. જે અંતર્ગત ઈન્ટરવ્યુ વખતે પતિ-પત્નીને બંનેએ સજોડે અધિકારી સમક્ષ હાજર રહેવું પડશે.

લગ્ન નોંધણી વિભાગમાં મેરેજ સર્ટીફીકેટ માટે આવતા યુગલો પારંપારિક રીતે લગ્ન કર્યા બાદ મેરેજ સર્ટી. કઢાવવા માટે આવતા હોય છે. નિયમ મુજબ યુગલો દ્વારા લગ્નનું સ્થળ તેમજ કન્યાના માતા-પિતાની સંમતિ સહિતના ડોકયુમેન્ટ રજુ કરવા ફરજીયાત કરવામાં આવેલ છે.જેમાં યુગલોએ કયાં સ્થળે લગ્ન કર્યા છે તે દર્શાવવું ફરજીયાત છે. જેમાં પ્રેમલગ્ન કરેલ હોય તેવા યુગલો દ્વારા લગ્ન નોંધણી વિભાગમાં મેરેજ સર્ટીફીકેટ માટે અરજી કરવામાં આવતી હોય છે. જેઓના ડોકયુમેન્ટ ચકાસણી દરમ્યાન પ્રથમ પતિ-પત્નીની ઉંમરની ચકાસણી કરવામાં આવે છે.

મળતી માહિતી મુજબ હવે જોવાનું એ રહ્યું કે મહાનગરપાલિકા આ અંગે જે નિર્ણય લેવામાં આવ્યો છે તે કેટલો સાર્થક થશે કારણ કે જ્યાં સુધી નવા નિર્ણય લાગુ કરવામાં આવ્યો નહોતો ત્યાં સુધી ગાડુ લોલમલોલ ચાલતું હતું પરંતુ હવે આ નવા નિયમની અમલવારીથી અરજી કરતાં ઓની સંખ્યામાં ઉતરોતર વધારો જોવા મળી શકે છે.

## ચાર દિવસ પહેલા જ ફરવા ગયેલા લક્ષ્મીવાડી-રાજનગરના બે દંપતિ શ્રીનગરમાં ફસાયાઃ પહેલગાંવ જવાના હતાં એ પહેલા જ આતંકી હુમલો થયોઃ હોટેલમાં પહેરા વચ્ચે ચારેય સુરક્ષીત

# શ્રીનગરથી રાજકોટની રૂચીનો રોષ : મોદીજી એ આતંકીઓને ઘરમાં ઘુસી ઘુસીને ઠાર મારજો

## બહાર નીકળવાના હાલ બીજા કોઈ રસ્તા નથીઃ ફ્લાઈટના ભાડા ત્રીસથી પાંત્રીસ હજારે પહોંચ્યાઃ તેમાં પણ ત્રણ ત્રણ દિવસના વેઈટીં ગલક્ષ્મીવાડીમાં રહેતાં દંપતિના માતા-પિતાએ પણ સરકાર ત્વરીત સંતાનોને રાજકોટ પહોંચાડે તેવી અરજ કરી

રાજકોટ તા. ૨૩

તા. ૨૩ઃ જમ્મુ કાશ્મીર શ્રીનગરના પ્રવાસે જનારા લોકોમાં ગુજરાતીઓ મોખરે રહ્યા છે. આ વર્ષે પણ જાન્યુઆરી, ફેબ્રુઆરીથી જ ગુજારતીઓ ધરતીના સ્વર્ગની સફરે નીકળી પડ્યા હતાં. તેમાં પણ હાલમાં વેકેશન શરૂ થયા હોઇ દેશ વિદેશથી કાશ્મીરમાં યાત્રાળુઓ પહોંચી ગયા છે. આ વચ્ચે પહેલગામમાં આતંકવાદી હુમલો થતાં વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો છે. સત્યાવીસના મોત થયા તેમાં ત્રણ ગુજરાતી છે, અનેક મુસાફરો-યાત્રાળુઓ શ્રીનગરમાં ફસાઇ ગયા છે. રાજકોટના બે દંપતિ પણ ત્યાં ફસાયા છે. લક્ષ્મીવાડીમાં રહેતાં પતિ-પત્નિ અને તેનું મિત્ર દંપતિ શ્રીનગરમાં ફસાયુ છે. ત્યાંથી લક્ષ્મીવાડીના યુવાનના પત્નિએ આપવીતી વર્ણવતા આક્રોશ સાથે કહ્યું હતું કે-મોદી સાહેબને વિનંતી છે કે જેણે આવુ કર્યુ છે તેને ઘરમાં ઘુસી ઘુસીને મારજો. હાલ ફ્લાઇટના ભાડા ત્રણ કે ચાર ગણા થઇ ગયા છે અને તેમાં પણ વેઇટીંગ આવી રહ્યું છે.

શ્રીમતી રૂચી નકુમે વિડીયો મેસેજથી કહ્યું હતું કે 'મારુ નામ રૂચી નકુમ છે અને હું રાજકોટ લક્ષ્મીવાડીમાં રહુ છું, હું મારા પતિ સાથે કાશ્મીર ફરવા આવી છું, હાલ અમે શ્રીનગરમાં ફસાઇ ગયા છીએ, મોદી સાહેબને વિનંતી કે જેણે આવુ કર્યુ છે તેને ઘરમાં ઘુસી ઘુસીને મારજો'...આ શબ્દો છે લક્ષ્મીવાડી-૧૮માં રહેતી શ્રીમતિ રૂચી કુલદીપ નકુમના. રૂચી અને તેના પતિ કુલદીપ રાજેશભાઇ નકુમ ૨૧મીએ રાજકોટથી કાશ્મીર ફરવા ગયા છે. સાથે કુલદીપનો મિત્ર રાજનગરમાં રહેતો કુલદીપ વાઘેલા અને તેના પત્નિ પણ સામેલ છે. આ બંને કપલ હાલ શ્રીનગરમાં ફસાઇ ગયા છે. આ કારણે તેમના રાજકોટ સ્થિત પરિવારજનો પણ ચિંતામાં મુકાઇ ગયા છે. રૂચી નકુમે જણાવ્યું હતું કે-અમે હાલ હોટેલમાં સલામત છીએ, બહાર મિલ્ટ્રી છે. પરંતુ અહિથી હાલ નીકળી શકાય તેમ નથી. ફલાઇટમાં ત્રણ-ચાર દિવસનું વેઇટીંગ છે અને ભાડા પણ ત્રીસથી પાંત્રીસ હજાર થઇ ગયા છે. હું ફેમિલી સાથે શ્રીનગર ફરવા આવી છું,અમે અહિ ફસાઇ ગયા છીએ. અહિથી અમે ક્યાંય નીકળી શકતાં નથી, અહિથી બહાર જવાની મનાઇ છે. અહિથી અમને ફલાઇટ પણ નથી મળતી, ભાડુ પણ ૨૫થી 30 હજાર લેવામાં આવે છે.

તેણીએ આગળ કહ્યું કે હવે અમારી પાસે રસ્તો નથી કે અમે અહિથી બહાર નીકળી શકીએ. આમ



તો અમે અહિ હોટેલમાં સલામત છીએ અને ફુલપ્રુફ સિક્યુરીટી પણ હોટેલ બહાર છે. પરંતુ અમે મોદી સાહેબને વિનંતી કરીએ છીએ કે જે લોકો સાથે આવુ બન્યું છે તેમને ન્યાય આપજો. એને ઘરમાં ઘુસી ઘુસીને મારજો. અમે એ દ્રશ્યો જોયા નથી, છતાં અમે ડરી ગયા છીએ. જેમણે આ જોયુ હશે તેના પર શું વીતી રહી હશે! અમે ખુબ જ ફસાઇ ગયેલા હોય તેવું લાગે છે, અમે ઘરે કેમ પહોંચી શકીશું તે ચિંતા છે. અમારા ઘરના લોકો પણ અમારી ચિંતા કરી રહ્યા છે. અમારે ઘરે કઇ રીતે પહોંચવું એ જ પ્રઁ મુંજવી રહ્યો છે. ફલાઇટના ભાડા પણ ખુબ વધારી દેવામાં આવ્યા છે. બબ્બે ત્રણ દિવસના વેઈટીંગ આવી રહ્યા છે.

શ્રીનગર પ્રવાસે જનારા અચુક મીની સ્વીટઝરલેન્ડ એવા બૈસરનની મુલાકાતે જતાં હોય છે. પહેલગામના આ સ્થળે જ આતંકી હુમલો થયો છે. આતંકીઓએ ૨૭ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા તેમાં ભાવનગરના પિતા-પુત્ર અને સુરતના એક યુવાન મળી ત્રણ ગુજરાતીઓ પણ સામેલ છે. આ ઘટનાએ દેશ દુનિયામાં ખળભળાટ મચાવી દીધો છે. આતંકીઓને શોધી કાઢવા મિલ્ટ્રી કામે લાગી ગઇ છે અને બે આતંકીને ઠાર મારી દીધા છે. બીજી તરફ રાજકોટથી બે કપલ પણ ફરવા માટે શ્રીનગર ગયા છે. જે લક્ષ્મીવાડી અને રાજનગરમાં રહેતાં બે મિત્રો તેમના ધર્મપત્નિને લઇને કાશ્મીરની સલેહગાહે ત્રણ દિવસ પહેલા જ ગયા છે. ગઇકાલે તેઓ પહેલગાવ જવાના હતાં એ પહેલા જ આ ઘટના બની ગઇ હતી. શ્રીનગરમાં આ બંને દંપતિ ફસાઇ ગયા છે. પત્નિ રૂચી નકુમને લઇ શ્રીનગર ફરવા ગયેલા લક્ષ્મીવાડીના કુલદીપ નકુમના પિતા રાજેશભાઇ મનજીભાઇ નકુમે કહ્યું હતું કે-હું જલારામ હોસ્પિટલમાં પ્યુન તરીકે નોકરી કરુ છું. મારા પત્નિનુંનામ શાંતાબેન છે. મારો એકનો એક દિકરો કુલદીપ કે જે ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરે છે અને એમ્બ્યુલન્સ પણ ધરાવે છે.

તેમણે આગળ કહ્યું કે મારો એકનો એક પુત્ર તથા પુત્રવધુ રૂચી ૨૧મીએ કાશ્મીર ફરવા ગયા છે. દિકરા સાથે રાજનગરમાં રહેતો તેનો મિત્ર કુલદીપ વાઘેલા અને તેના પત્નિ પણ સામેલ છે. આતંકવાદી હુમલાથી ઘટનાથી અમે ભયભીત થઇ ગયા હતાં. જો કે સદ્દનસિબે અમારો દિકરો-વહૂ અને તેની સાથેનું દંપતિ હુમલા વખતે એ સ્થળે નહોતાં. આ લોકો કદાચ ત્યાં ગઇકાલે જ જવાના હતાં. પણ ઘટના બનતાં તેમને રસ્તામાં જ રોકી દેવાયા હતાં. રાજેશભાઇ નકુમે કહ્યું હતું કે હાલ ત્યાંથી બહાર નીકળવા માટે હાલ કોઇ વાહનની વ્યવસ્થા નથી. ફ્લાઇટના ભાડા પચ્ચીસથી ત્રીસ હજાર છે. અમે સરકારને, મોદી સાહેબને વિનંતી છે કે અમારા સંતાનોને સહી સલામત રાજકોટ ગુજરાત પહોંચાડે. બુધવારે સવારે જ મારે દિકરા-વહૂ સાથે વાત થઇ હતી. તેમણે કહ્યું હતું કે અમે હોટેલમાં સલામત છીએ અને બહાર મિલ્ટ્રી આવી ગઇ છે. પરંતુ આમ છતાં અમને ખુબ જ ચિંતા છે, અમારા દિકરા-વહૂ અને તેની સાથે ગયેલુ બીજુ દંપતિ એમ ચારેય ઝડપથી હેમખેમ રાજકોટ ઘરે પાછા આવી જાય.